SATI CUNI

TRIPATHI, G. M

સાક્ષરોત્તમ કવિવર શ્રીયુત્તગોવર્દ્ધનરામ માધવરામ. ત્રિપાઠી.
બી. એ. એલ્. એલ્. બી. વિરચિત

શ્રીમતી

સતી-ચુની

(ઇંગ્રેજીમાં લખેલી કથા
તેનો
ભાષામાં અનુવાદ.

(લલિત.)

" નરમ દીલથી, ડાહી વૃત્તિથી,
" સમજી વાંચશો, સૂખીયાં થશો.
" અનુભવી હશે, શુદ્ધ જાણશો.
" વળી વખાણશો, પાડ માનશો."

—કવિનર્મદ.

દેશાઈ એન્ડ કું૦ જુનાબજાર. ભરૂચ.
સંવત. ૧૯૫૯. સને ૧૯૦૩.

यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः
सयत्प्रमाणं कुरुते लोक स्तदनुवर्तते ॥
श्रीमद् भगवद्गीता. अ. ३. श्लो. २१.

શ્રેષ્ઠ પુરૂષો જેવાં જેવાં આચરણો કરે છે તે તે પ્રમાણે ઇતર (બીજા) લોકો વર્તે એ સ્વભાવિક છે. મહા પુરૂષો જેને પ્રમાણ માને તેનું અનુવર્તન (અનુકરણ) બીજાઓ કરેજ કરે.

महात्मानांच्च चरितं श्रोतव्यं नित्यमेवहि ॥
મહાત્માઓના ચરિત્રપણ નિત્ય સાંભળવાજ જોઇએ.
महाभारतम्.

Biographies of great but especially of good men are neverthless most instructive and useful, as helps, guides and incentives to others.

મહાન્ પુરૂષોની જીવન કથાઓ, તેમાં મુખ્યત્વે કરીને સદ્ગુણોના ચારિત્રો સર્વને બોધદાયક અને ઉપયોગી મદદરૂપ, ભોમીયારૂપ, અને દરેક કાર્યમાં ઉત્સાહ વર્ધકરૂપ થઇ પડશે.

SAMUEL SMILES.



શ્રીયુત્ ગો. મા. ત્રિપાઠી.

હાલ વય, ૪૭, (સને ૧૯૦૩.)

અર્પણ પત્રિકા.

કૈ. સતી સ્વરૂપ શ્રીમતી ચુનીગૌરી.

નામે, રૂપે તથા શરીરે કલ્યાણ રૂપ (સુખી) આપના પતિશ્રીનું નૈતિક તથા આત્મિક કલ્યાણ રંકને પ્રાપ્ત થતાં રત્નની માફક આપશ્રી નામે, રૂપે તથા ગુણે પણ ચુનીરૂપ રત્ન પ્રાપ્ત થતાં થયું—સંગતથી મલિન થયેલાં હૃદયનું તિમિર ચુની દિપકે પ્રકાશથી હણવાનો પ્રયાસ કર્યો હતો, પણ દિપક પતિના મૃત્યુ પૂર્વે સુખરૂપ હોલવાઇ ગયો!

કલ્યાણ સ્વરૂપ અને મનુ તનુજોમાં ચુનીરૂપ દમ્પતિના સ્મરણ માત્રથી ભ્રગુપૂરવાસીઓના મનમાં અને તેમાં વળી આપણી બ્રહ્મક્ષત્રીય જ્ઞાતીના યુવાન તથા વૃદ્ધ સ્ત્રીપુરૂષ સર્વના હૃદયમાં એક સરખી રીતે કાંઇ આંતર્ આનંદ સ્ફુરે છે તેમના ચર્ણાર્વિંદમાંજ તેમની જ્ઞાતીનો એક બાળ, જ્ઞાતીમાં તેમના અંશાત્મક સ્ત્રી રત્નો ઉદ્દભવાવવા સવિનય પ્રાર્થતો તેમની જીવનકથા અર્પણ કરે છે.

દમ્પતિના કૈલાશવાસી આત્મા ત્યાંનું શાશ્વત સુખ ભોગવો!

લી૦

અનુવાદકના પ્રેમપૂર્વક દંડવત્ પ્રણામ.

અનુક્રમણિકા.

પ્રકરણ	વિષય.	પૃષ્ટ.
	ઉપોદ્ઘાત.	ક
૧.	પુરાતનવંશો ને બાળવિવાહ.	૧
૨.	વાત પ્રસંગ.	૧૮
૩.	સ્ત્રીનો ધર્મ.	૨૫
૪.	શુભ અને અશુભ ગ્રહનો યોગ.	૩૪
૫.	માના જીવને શાંતિ !	૩૯
૬.	કુટુંબ તારક.	૪૭
૭.	વૈરાગ્ય–	૫૮
૮.	પરમપદની પ્રાપ્તિ.	૬૫
	ઉપસંહાર–	૭૭
	કેટલીક ટીપ્પણ.	૮૫

ઉપોદ્ઘાત.

"બિના પઢે પ્રસ્તાવના, પઢે 'ગ્રન્થ' જહુ કોય.:
"પ્રવેશ પરગ્રહ બિન પ્રિછે, માર ખાય મધુ સોય."

જ્ઞાન પ્રદેશના વારિધીમાં જીજ્ઞાસુ પ્રવાસીને ફેરવનાર કોઈ નાવ, આગબોટ અથવા તો ન્હાનું શું કોટીયું બનાવનાર નાવિકે (ગ્રન્થકારે) પોતાના વાહનની (પુસ્તકની) બાબતમાં પ્રસ્તાવના રૂપે કંઈપણ કહેવું જોઈએ. હાલમાં કેટલાક પુસ્તકોની પ્રસ્તાવનાજ લખવામાં નથી આવતી અને કેટલાકની લખવામાં આવે છે તો તે નજીવી તથા સબંધ વગરની હોય છે. કેટલાકતો 'પાઘડી મોટી અને માથું નાનુ' એવા ભય યુક્ત વાક્યો બોલી માત્ર ચાર શબ્દમાંજ વિરામેછે. પુસ્તક નાનું હોય પણ જો તેની પ્રવેશિકા અને ઉપસંહાર મોટાં હોય અને તેમાં પુસ્તકનું તાત્પર્ય તથા રહસ્ય સમજાવ્યું હોય તો

બહુશ્રુત નહીં એવાં વાંચક વૃન્દને તે પુસ્તક સંપૂર્ણ રીતે સમજાયાથી નાવિકના રચેલા ન્હાના અથવા તો મોટા નાવમાં ફરીફરી બેસી પ્રવાસ કરવાનું (વાંચવાનુ) મન થાય છે

હમને કહેતાં હર્ષ ઉપજે છે કે આ કથાના રચનાર અનુભવી તથા વૃદ્ધ નાવિક (લેખક) છે, તેથી તેમનું આ ન્હાનું શુ નાવ પણ ત્વરાથી જ્ઞાન પ્રદેશનો માર્ગ કાપી વિવિધ વિષય સરિતાઓમાં પ્રવાસીને ફરવનાર 'ચંદ્ર' આગબોટના જેવું સુંદર છે, અને તેના જેટલીજ ત્વરાથી નીતિ, વૈરાગ્ય તથા શૃંગાર સરિતાઓમાં ફરેછે. માહેં ચક્ષુમુખ લગાડતા સદ્‌બોધરુપી પદો વાગતા સંભળાયછે અને હુશીઆર વાંચકોને તેની માહેંજ પ્રવેશિકા તથા ઉપસંહાર સમાયલા જણાય છે

આ કથાનો ઉલ્લેખ કાલ્પનિક નથી, પણ ભરૂચના પ્રસિદ્ધ સ્વર્ગવાસી દેશાઇજી કલ્યાણરાયજી હકુમતરાયજીના પ્રિયપત્નિ ચુનીગૌરીની જીવન કથાને આધારે રચાયેલો છે. ચુનીગૌરી સૌભાગ્યાવસ્થામાં સ્વર્ગવાસી થયાં હતાં અને તેમના ઉચ્ચ મહદ્‌ગુણોને લીધે ભરૂચ નગરમાં તેમની " સતી " નામથી પ્રસિદ્ધિ હતી (નેહજીપણુ તેવીજ છે). ઇંગ્રેજ વાંચકોને એમના જીવન-અંશ સમજવા સુગમ થાય એવીરીતે સતી ચુનીગૌરીના જીવનના સંદેશાનુ દો-

હન કરી એમના નામની ઇંગ્રેજી કથામાં મુકેલું છે, પણ ઉક્ત ઉદ્દેશને અનુસરતા કેટલેક સ્થળે નવી કાલ્પનિક યોજના મુકવાનું કર્તાએ યોગ્ય ધાર્યું છે, એમ તેમને પુછતાં જણાયું છે. ચુનીગૌરીનો ઇતિહાસ આપવા કરતા તેમના હૃદયની ઉત્કૃષ્ટ વૃત્તિઓનું ચિત્ર આપવા ઉપર કર્તાએ વધારે લક્ષ્ય રાખ્યું છે, પણ ભાષાન્તર કરનારે આ પુસ્તક મુખ્યત્વે કરીને સ્ત્રીઓને માટે યોગ્ય થાય એવો ઉદ્દેશ રાખ્યો છે તેથી તેના સમાવેશના અન્વય (Analysis) ઉપસંહારમાં આપી આખરે તાત્પર્ય તથા ઉદ્દેશ સમજાવાની અમારી ફર્જ છે.

ગ્રન્થકર્તાના પિતાને દેશાઇજી કલ્યાણરાયજી સાથે સારી પ્રીતિ હતી અને તેમના માતુશ્રીને ચુનીગૌરી સાથેજ ગાઢ પ્રીતિ હતી અને દેશાઇજીના તેમ ચુનીગૌરીના હૃદયના મન્ત્રો (છુપા વિચારો) પોતાના માતાપિતા પાસે ઉઘડેલા હતા, તેમ દેશાઇજી તેમ ચુનીગૌરી ગ્રન્થ કર્તા ઉપર પોતાના એક કુટુંબના બાળક ઉપર રાખે તેવી પ્રીતિ રાખતાં. આથી અનેક રીતે તેમના હૃદયની અનેક વાર્તાઓ ગ્રન્થકર્તા પાસે આવેલી તેમાંથી સાર કુહાડી તેમાં કલ્પનાનો ભેગકરી આ કથા લખી છે અને ચુનીગૌરીની કિર્ત્તી તેને નામેજ પ્રસરવા યોગ્ય ગણી તેમનું નામ આ કથાને આપેલું છે; આથી આ કથા

જીવન કથા નથીજ એમ સમજવાનું નથી. માત્ર ચુનીગૌરીની હૃદય કથાને મુખ્ય ગણીને અને જીવન કથાને ગૌણ ગણીને ગ્રન્થકર્તાએ આટલે વર્ષે જુનુ ચિત્ર આકાળની પાસે ખડું કર્યું છે. તેમ કરવા જતાં તે માહેંના પ્રસંગોની સરખામણી તથા મુકાબલો કરી રહસ્ય તારવી કાઢી તેમણે પૂર્વ તથા પશ્ચિમના રીતરિવાજ અને ભૂલોના ટીકાકાર તથા પ્રેક્ષક અને દૃષ્ટારૂપ "ઇસ્ટએન્ડવેસ્ટ" માસિકમાં પાશ્ચાત્યોને તથા તેના વિચાર પ્રવાહમાં અન્ધઅની તણાતાં હિંદુઓને આ દેશના પ્રાચીન રીતરિવાજના ફાયદા તથા તેનાથીજ ઉદ્ભવતાં સ્ત્રીરત્નોનું એક ખરૂં દૃષ્ટાંત આપવા થોડે થોડે લખી આ કથા પૂરી કરી હતી બાકી આ સ્ત્રીરત્નનું શુદ્ધ અને સંપૂર્ણ તેજ તો મ્હોટા ગ્રન્થ લખ્યા વિના સ્પષ્ટ કરી શકાય એમ નથી.

આપણા પૂર્વજોને અતિથીઓ દ્વારા તેમની જીવન કથા સાંભળવાનો લાભ મળતો તેથી રામાયણ અને મહાભારત ઉપરાંત જીવનચારિત્ર ગ્રન્થો તેમણે આર્ય ભાષામાં લખ્યાં નથી. પણ હમણા આપણને અતિથીઓ દ્વારા જીવન ચરિત્રો સાંભળવા બની શકતું નથી તેવાં સમયમાં તેજ કાળના શુદ્ધ ચારિત્રવાન સ્ત્રી પુરૂષોના જીવન ચારીત્રો લખવાની ખાસ જરૂર છે. પણ—

"Men of abilities (in this Kalikala)," says Mahtma Shri man Hanumandasji, "are common enough but men of character are very rare"

સાધારણ રીતે જોતાં શુદ્ધ ચારિત્રવાન્ મનુષ્યો કરતાં હમણા આ કળીકાળમાં બુદ્ધિપ્રતિભાવન મનુષ્યો ઘણા જોવામાં આવેછે એ તથા કોઈ પણ જીવન સાધના અનુભવ જ્ઞાનનો અભાવ તેજ ચારિત્ર ગ્રન્થના અભાવનું કારણ છે. જીવન કથીની ઉપયોગિતા તથા તેનો મુખ્યત્વે કરીને ગુજરાતમાં ઘણોજ અભાવ જોઇ 'જીવન કથા માળા' ના સંગ્રહ કરેલા મણકા ઉત્તરોત્તર પ્રગટ કરવા અમારો વિચાર છે.

સાક્ષરોત્તમ કવિ વર શ્રીયુત્ ગોવર્દ્ધનરામ માધવરામની રજાથી તેમનો બહુ બહુ કરી આભાર માનતાં તેમની બાહોશ કલમથી, બાળકોને વાંચવાયોગ્ય, યુવાનોને સમજવા યોગ્ય તથા વૃદ્ધોને પોતાની સંતતિને દૃષ્ટાંત-આપવા યોગ્ય લખાયેલી કથાને પહેલા મણકા રૂપે પ્રગટ કરીએ છીએ.

પ્રિય વાંચક, આ કોટીઆમાં આરૂઢથા !

સુપુસ્તક રૂપી વિણા સ્વહસ્તે ગૃહીને,
ચક્ષુસુખે સુસ્વરે વગાડીને,
મનરૂપી શ્રવણે શુણીને, મિત્રતું !
"ભરીલે તે તવશ્રોત્ર માહેં
"મિત્ર તું ભરીલે !
તન્મય, થઇને, તન્મય થઇને,
રૂહેશે તું જ્યારે, વગાડશે તું જ્યારે,
ઝબકશે તવ હૃદયે તૂર્ણ મૂર્તિ—
સર્વે સુખ સદગુણની – શ્રીસરસ્વતી.
તન્મય થઇજા વગાડવામાં !

વાંચનારને મન આનંદ થશે, તે હિંદુ વિચારનો હશે તો તેના સુસંસ્કારો દૃઢ થશે કોઇ વિદેશી વિચારનો હશે તો વિણાના ગાનથી તેજવર્ધક અંજન ઉત્પન્ન થઇ તેના મન ચક્ષુમાં પ્રવેશ કરી માનસિક ભ્રમરૂપી અન્ધતા દૂર કરી વધતા ઓછા પ્રમાણમાં તેને તેના દેશના રીત-રિવાજ તથા વિચારોનો ઉપાસક બનાવશે.

આ વાર્તાના નાયક દેશાઇ કલ્યાણરાયજીનું કુટુંબ હાલ હયાત છે; તે વંશજ દેશાઇશ્રી વિષ્ણુપ્રસાદજી કલ્યાણરાયજી તર્ફથી શ્રીમતી સતી ચુનીની છબી તથા પુસ્તક

સબંધી બીજી મદદ મળેલી તેને માટે તેમનો તથા મિત્ર વર્ગ તરફથી બીજી સર્વ રીતની મળેલી મદદને માટે શુદ્ધ અંતઃકરણથી આભાર માનતા વિરામીએ છીએ.

જે પવિત્ર વાસનાથી ચુનીગૌરીએ પોતાના સ્વાર્થનો ભોગ આપી દેશાઇજીની સેવા કરી તે વાસનાના ફળરૂપ પુત્રવિષ્ણુપ્રસાદજી આ સતીના પરલોક ગમન પછી જન્મેલા છે અને તેમના જન્મથી જેમ એ સતીના આત્માની તૃપ્તિ થઇ હોવી જોઈએ તેમ તેમના પુણ્યચારિત્રના આ ઉલ્સંખથી તેમની કીર્ત્તિ અમર થાવ ?

વસંત ૧૯૫૯,
સને ૧૯૦૩;
બરૂચ.

શ્રી પંચભ્રાતૃવંશજ (બ્રહ્મક્ષાત્રિય દેશાઇ).

અનુવાદક.

શ્રીગ્રન્થકર્તાની નાન્દી.

(ગઝલ—આંતરગાન.)

ફર્યો વિવિધ નદોની[1] માંય, થઈ આરૂઢ વિવિધ નાવે;[2]
પ્રવાસી[3] તો' અતિ-પ્રેરીત,[4] નહીં થાકે—વિરામેછે.[5] ૧
ઇચ્છા તેની બહુ વાધે, તલ્પે નાવીક-વિણા[6] શુણવા;
આંતર " આનંદ નહીં માગે, શુણી નાવિકના ગાના.[7] ૨
એવો બન્દર-પ્રવાસી[8] હું, ઉભો છું જ્ઞાન-પ્રદેશ તટે;
જોયું મેં એક ત્યાં અદ્ભુત,-નાવનૂતન--અનુપમ ફરે. ૩
નહિં કૃત્તિનુ[9] એકકે એવું, ફરેછે આખી ગુર્જરમાં:[10]
સૃષ્ટિ[11] એ કૃત્તિની પહેલી, દેખાદેખીનાતો લુખ્ખાં.[12] ૪

---

૧ વિષયો રૂપી નદીઓ. ૨ પુસ્તકો વાંચી. ૩ વાંચક. ૪ Sincere. શોખીન. ૫ કંટાળતો નથી. વાંચવાનું બંધ કરતો નથી. ૬ Phonograph ની અહીં ઉપમા આપી છે, કારણ તેમાં જેમ એક ગાયન બધા સાંભળી શકે છે તેમ પુસ્તક બધા વાંચી શકેછે અર્થાત બન્નેમાં (માહેંના વિષયમાં) ફેરફાર થતો નથી- ૭ માહેંના શબ્દોને બાબની મધુરતાને લીધે ગાયનની ઉપમા. ૮. વિદ્યાર્થી. (જુઓ ઉપસંહાર). ૯ Style. ૧૦ ગુજરાતી ભાષામાં ૧૧ આવી રીતનું પુસ્તક. ૧૨ સરસ્વતીચંદ્રનું અનુકરણ કરી લખવા ઘણા ગુર્જર વિદ્વાનોએ પ્રયત્ન કર્યોછે પણ સર્વ એના મોં આગળ લુખ્ખાં દિસેછે.

મઠેલું સૂજતાએ તે,[13] માંહે ચન્દ્ર[14] દિપ હીસે;
પ્રકાશે શોભે સર્વે અંગ,[15] પ્રેક્ષક દિલ આનંદ હીસે. ૫
આકાર્ષાયું મારૂં મન, થયો તે માંહે હું આરૂઢ;
અહા! શી અદ્‌ભૂત ગતી, વાયે શો અદ્‌ભૂત સુવાસ![16] ૬
દિસે તેનુ 'ચન્દ્ર' અભિધાન, ગુણો કૃત્તિએ ચન્દ્રજ જેવી;[17]
આહા,શીશાંત્ત નાવિકમૂર્તિ,-શાંત્તતા પ્રેક્ષક[18]અંગે પ્રસરી! ૭
દયા, ધર્મ, ગભીર મૂર્ત્તિ, જાણે શ્રીપ્રેમ અંશ. ઉદ્‌ભવી!
અશુભ વાસના ક્ષણે વાગી, વહે શુભ આંતર્‌ વૃત્તિ. ૮
'સ્નેહમુદ્રા[19] માંહે પહેલો તાર,[20] રચેલી વિણા નાવિકની;
'શશીમય'[21] છે બીજો તાર, ત્રીજો ગાય 'સતી-જીંદગી'.[22] ૯

---

૧૩ પ્રકાશ. અહીં જ્ઞાન. ૧૪ અહીં જ્ઞાનની શાંત્ત વૃત્તિ દર્શાવવા ફરી તેને ચંદ્રની ઉપમા. ૧૫ આખો ગ્રન્થ. ૧૬ પુસ્તક વાંચવાથી થતી વૃત્તિનો અલંકાર. ૧૭ ચન્દ્ર જેમ હૃદય શીતળ કરેછે તેમ દુઃખથી સંતપ્ત મનને ભાર મુક્ત કરેછે એવો ગ્રન્થ. ૧૮ જોનાર. ૧૯ પ્રેમનો દેખાવ, પહેલો ગ્રન્થ. ૨૦ અહીં ગ્રન્થકારોને નાવિકની ઉપમાં આપી છે, તેમના ગ્રન્થ સમૂહને નાવની ને તેમના લખાણ સમૂહને વિણાની માટે અહીં તેમના પ્રથક્ પ્રથક્ ગ્રન્થને Phonograph નો તાર અર્થાત્ તેની ગાયન ઉતારવાની કુરસીની ઉપમાં આપી છે. ૨૧ સરસ્વતી ચંદ્ર. ૨૨ સતીચુની.

બીજા છે બહુ ન્હાના, રચેલા છે--રચાયે છે !
ગાયે ભક્ત[23] સાનિધ્યતે, ગાનો સુમધુર નાદે ! [24] ૧૦
આકર્ષણ શક્તિ તેની બહુ,[25] લાવે સુસંસ્કારવા ખેંચી[26]
અશુભ સંસ્કારતો છેદ, ચલાવી શુભ્ર કોદાળી.[27] ૧૧
ફેરવી વિવિધ નદમાંહીં, ચખાડે શુભ્ર ત્યાં મેવો;[28]
થાયે અભ્યાસે અધિકારી, વૃત્તિ જાયે બ્રહ્મ આરે.[29] ૧૨
આનંદ ! આનંદ !• હૃદયમાંહીં, કુદું ચાખું કંઈ આનંદકણ;
કર્ણંશું 'ચંદ્ર' શીતળ નાવ, હું મુદેથી શું વર્ણાય ! ૧૩
નથી હું વૃદ્ધ મુસાફીર[30]કો, માંટે કાર્ય નરૂ મોટું;
નામી બહુ શીઘ્ર નાવિકને, વિરામું કાર્ય કરી છોટું. ૧૪

---

૨૩ સહૃદય. વાંચક. ૨૪ ભાષાની સુંદરતા અને ઉપદેશાની મધુરતા. ૨૫ ગાયનમાં રહેલી આકર્ષણ શક્તિની યોજના. ૨૬ સદ્વિચારરૂપી પવન. ૨૭ પવનરૂપી કોદાળી. ૨૮ સદ્વિચાર મેવો. ૨૯ સૃષ્ટાના વિચાર આવે છે. ૩૦ બહુશ્રુત વાંચક (Vast Reader).

શ્રીમતી.

સંતી-ચુની.

(એક હિંદુ સંસારિક વાર્તા.)

પ્રકરણ—૧.

પુરાતન વંશજો ને બાળ વિવાહ.

ગુજરાતના એક આબાદ શહેરમાં[1] એક ઊચ્ચ જ્ઞાતીનું[2] દેશાઇ અથવા તો સન્માન દર્શક શબ્દમાં શહેરના દેશાઇજી—નામથી જાણીતું એક કુટુંબ રહેતું હતું. જે સમયે મોગળ સુબાઓ ને પેશ્વાના પ્રતિનીધિઓ હથિયાર

---

૧. ભરૂચ. (ભાષાન્તર કર્તા) ૨. બ્રહ્મ ક્ષત્રિય (ભા. ક.)

બળથી કિંવા તો કપટ બળથી, વારા ફરતી દેશનો કબજો લેવા અથવા તો પરસ્પરના હક્કોને માટે તકરાર કરી રહ્યા હતાં, તે સમયે ચાલીસથી પચાસ હજારની વાર્ષિક આવકનું તેમનું વતન હતું. આ સમયે જ્યારે આ પ્રતિસ્પર્દ્ધિઓ સ્વસત્તાને માંટે એકમેકને દૂર કરવા લડી રહ્યા હતા, ત્યારે દેશાઇજી વંશજા તેમના સામાન્ય મિત્ર રૂપ હતા. આવી વખતે વિશ્વાસુ એવા સલાહકારની ઘણી જરૂર પડતી, અને આ જગ્યાને માટે શહેરના વૃદ્ધ દેશાઇજી કરતાં, ઓદ્ધાથી સદ્‌ગુણથી ને સત્તાથી કોઇ વધારે યોગ્ય નહોતું. તેમના વતનની વૃદ્ધિ એ આવી બજાવેલી રાજક્રિય નોકરીનો બદલો હતો.

સતી થતી અટકાવવાનો હમણા રિવાજ નહોતો. એક લાયક દેશાઇ વંશજા લાયક પૂત્ર મૂકી મરણ પામ્યા હતા, તેમની પાછળ તેમની સ્ત્રીએ સતી થવાની ઇચ્છા થતાં કોઇ માણસે સળગાવેલી પોતાના પતિની ચિતામાં પતિનું માથું ખોળામાં મૂકીને પોતાનું બળીદાન આપ્યુ

હતું. પણ દંતકથા એમ કહે છે કે અગ્નિ કોઇ મનુષ્યને હાથે સળગાવ્યો નહોતો, પણ સતીએ કરેલા આવાહનથી આપો આપ પ્રદિપ્ત થયો ને ભડકાઓ તેના શરીરની આસપાસ વીંટળાઇ વળ્યા. સાંપ્રતવિજ્ઞાન શાસ્ત્ર એને પોતાના ઇચ્છા બળની કોઇ છૂપી રીતથી બળી મરવું કહેશે, જો કે ઇતિહાસિક વૃતાંત પ્રમાણે એ અલબત્ત અસંભવિત છે. એમ વળી કહે છે કે જ્યારે સતી દેવી માતાની સત્તા ધારણ કરી ઉચ્ચ તત્વમાં મળી જવા લાગ્યાં ત્યારે તેના પુત્રે આશિર્વાદ માંગ્યો. અગ્નિના ભડકાઓમાંથી ઉત્તરનો અવાજ સંભળાયો.

" પુત્ર હું આ પૃથ્વીપર ફરી અવતાર ધારણ કરીશ. તારા વંશજને ભવિષ્યમાં બચાવવા જીવતી સતી રૂપે પાછી આવીશ."

હમણા સતી થવું મના કરવામાં આવ્યું છે ને આવી દંત કથાઓ સાધુ માણસોને નાસ્તિક પ્રશ્નો ઉઠાવવાનું પાશ્ચાત્ય વિચારોએ શીખવ્યું

છે, તે સમયમાં આ વચન સિદ્ધ થયું જણાય છે; એમ છતાં આપણી વાર્તા તો જેને તેના સદ્ગુણોને લીધે શહેરનો આસ્તિક હિંદુવર્ગ સતીનો ફરેલો અવતાર માને છે, તે (આપણી વાર્તાની નાયિકા) નું જીવન વર્ણવશે.

પૂર્વ યુગની સતીના આ નવા જીવનથી શહેરના વૃદ્ધ અને યુવાનોમાં જે પવિત્ર લાગણી ઉત્પન્ન થઇ છે તે એટલી બધી, એવી તો સહૃદય (ખરા મનની) ને એટલા લાંબા વખતની છે કે હાલની પ્રજામાંના કેળવાયલા ઉદ્ધતમાં ઉદ્ધત યુવાનોથી પણ તે ભવિષ્ય સિદ્ધ થયાની ખુલ્લી રીતે ના કહેવાતી નથી, તો તેને હસી તે શી રીતે કહાડે ?

જે સતીએ શારીરિક અગ્નિ તત્વમાં પોતાનું બળીદાન આપ્યું હતું, તેજ શહેરના લોકોથી ઓળખાતી આપણી વાર્તાની નાયિકા છે. તે દેશાઇના ઘરની નજદીક રહેતાં કુટુંબમાં જન્મી હતી. ઉદ્ધત કુટુંબના વારસ સાથે તેનું લગ્ન

કર્યું હતું. તેણે પોતાની સંસારિક જીંદગી અને સુખો, પોતાના પતિને ને તેના વતનને આફત માંથી બચાવવાંમાં ભોગ આપી પોતાના આગલા અવતારમાં આપેલું વચન સિદ્ધ કર્યું હતું. ઘર પાસે હતા ને બેઉની માને બ્હેનપણાં હતાં તેથી છ વર્ષની બાળ વયથીજ, સરખી વયના પોતાના ભવિષ્યમાં થનાર પતિ સાથે રમતી હતી. બેઉ બાળકો શેરીના બીજાં છોકરાં સાથે 'સંતાકુકડી' અને એવી બીજી રમતો રમતા ત્યારે બેઉ માતાઓ આ રમત–સાથીઓને બારીકાઈથી નિહાળતી. રમતી વખતે તેમને શાબાશી આપતી શેરીની યુવતીઓએ આ ચોકસ કરી ધ્યાનમાં રાખ્યું હતું કે જ્યારે બાળકોમાં કાંઇ કલહ થતો ત્યારે ચુની બાળ દેશાઇનો પક્ષ લેતી. કલેકટરની કચેરીમાં વૃદ્ધ દેશાઈના વતનના કબજા બાબતનું કામ ચાલતું હતું, તેથી તેમને ત્યાં નિત્ય હાજર થવું પડતું હતું. એક દિવસ ત્યાંથી પાછા ફરતાં આ બાબતે તેમનું ધ્યાન ખેંચ્યુ

એક દીવસ એક છોકરી (ચુની સાથે) રમતમાં હારી ગઇ હતી. "તું નાના દેશાઇ સાથે કોઇ દહાડો પરણુશે" એમ કહી તેને (શરમાવી) પોતે (જીતવાનો) દીલાસો લીધો. ચુનીથી (શરમથી) યુક્તિથી આનો જવાબ દેવાયો નહી, તેથી યુવતીઓ મનમાં હસવા લાગી.

"જો એમ ના હોય તો હમેશાં શા માટે એનો પક્ષ લે છે ? " (ધૂર્ત) એ ખીજનું વાક્ય થઇ પડ્યું.

"દેશાઇ, ચાલો આપણે ઘરમાં જઇ આ તોફાની છોકરાં કહેછે તે તમારી બાને કહીએ." ચુનીએ બાળ દેશાઇને કહ્યું ને તેની બાંય ખેંચી. ચુનીની પાછળ પાછળ આ છોકરો નમ્રતાથી જતો હતો ને આ ખીજની ઉસ્કેરણીથી મનમાં ગુસ્સે થતો હતો. દેશાણુ પાસેજ ઉભા હતાં; તેમણે આ છોકરાંની ફરિયાદ સાંભળી માત્ર મોં મલકાવ્યું ને ચુનીને છાતી સરસી ચાંપી પૂછ્યું, "કેમ ચુની, કિકાભાઇ મોટા થાય

ત્યારે તેની સાથે પરણુવાની તારી મરજી નથી? એ છોકરીના કહેવામાં શું ખોટું છે?”— ને તેને પોતાની છાતી સરસી ફરી ચાંપી. વૃદ્ધ દેશાઇજી પાછળજ ઉભા હતા, તે પોતે હમણુાંજ જોયેલા નવા બનાવથી ઉપજેલા કંઇ આનંદ સુખમાં ક્ષણુભર કચેરીની બધી વાત ભુલી જતા દેખાયાં.

“ આ વિષે તમે ચુનીની માને વાત કરી બેઉના જન્માક્ષર બતાવી મેળવ્યા છે?” છોકરાંઓને પોતાની બેઉ બાજુએ લઇ દેશાઈએ પૂછ્યું ને તેઓ દેશાઇ અને દેશાણુ કને વારા ફરતી જવા લાગ્યાં.

“ હા એણે, જોશીને બતાવ્યા છે ને વિવાહ કરવા હા કહી છે.” દેશાઇજીના મલમલના કોટની સોડમાં મ્હોં સંતાડેલી ચુનીને છોડી દેતાં કહ્યુ

એક ક્ષણુ બાળ દેશાઇને ચુનીએ બાજુપર ખેંચી કાનમાં કહ્યું, “ હવે આપણે વર વહુ

થયાં. હવે આપણે એકએકની સાથે બોલવું નહીં—સમજ્યા ?" આટલું કહીને તે દોડી ત્યાંથી જતી રહી, ને લગ્ન થતાં સુધી ફરી તેની સાથે પોતાનો હોઠ ઉઘાડયો નહીં, ને તેનું નામ દઇ કંઇ કહેતી નહીં. બીજાં તેનું નામ દેતાં કે શરમાઇ જતી. તે પતિ તરફ છુપી નજરે જોતી, ને તે પણ તેનું અચુક અનુકરણ કરતો. આવતાં અઠવાડીઆમાં, જોશીએ છોકરાંના જન્માક્ષર જોઇ બે જીવનના લગ્નના (સંસારમાં જોડાવાનાં) મુકરર કરેલાં શુભ દિવસે રૂઢીનુસાર વિવાહ થયો. કલેકટર મડમ સાહેબ સાથે વિવાહની વિધી કરતી વખતે ખુશીથી આવ્યા હતાં, ને દેશાઈજીએ તે પ્રસંગે આ બાબત ઉપર ખુબ વિવેચન કર્યું હતું. હાલની સિવિલ સર્વિસની પરિક્ષા નિકળ્યાં પહેલાં, અને હમણાં પણ કંપની બહાદુરના (જુના) નોકરો જેમ લોકો ને તેમની ભાષા તથા રીત રિવાજથી માહીત હોય છે તેમ કલેકટરે ઘણાં દિવસ ગુજરાતમાં કાઢેલા હોવાથી સર્વ વાતે માહીત હતાં. પણ એમની

સ્ત્રી હમણાં નવીજ હીંદુસ્તાનમાં આવી હતી, અને એક મુનશી પાસે ગુજરાતી શીખવાનું હમણાંજ શરૂ કીધું હતું. દેશાઇએ પણ થોડાક અંગ્રેજી શબ્દો જાણી લીધા હતાં અને તે મંડળી મિશ્ર ભાષામાં વાત કરતી હતી; સરળતા તથા શુદ્ધતા માટે તેનું વિવરણ આપવાની અમારી ફર્જ છે; એમ છતાં એટલું તો કહેવું અગત્યનું છે કે તેમને ભાષા કરતાં વાતના વિષયમાં વધારે રસ પડતો હતો.

માનવંત પરોણાઓ આગળ બેઉ છોકરાંઓને બોલાવ્યાં, ને તેમના ખોળામાં બેસાડી સાહેબ તથા મડમ સાહેબને મા બાપ તરીકે આશિર્વાદ આપવા કહ્યું. સાહેબ જવાબમાં હસ્યાં ને તેમની પીઠ ઠોકી. દેશાઇજીએ તેમની ભુલ સુધારી કહ્યું કે ઈશ્વર તથા વડીલો તર્ફના આશિર્વાદ લેવાની જગ્યા માથું છે, માટે માથા ઉપર હાથ મુકવો જોઇએ. સાહેબે એકદમ પોતાની ભુલ સુધારી અને મડમને પણ તે જગ્યા બતાવી.

મડમની ઇચ્છા છોકરીને ચુંબન કરવાની હતી, પણ વધારે અનુભવી કલેકટરે સમજાવ્યું કે પ્રદેશી તર્ફનું એવું ચુંબન હિંદુ ધર્મ વિરૂદ્ધ છે. મડમ સાહેબે સ્મિત હાસ્ય કરી હૃદય સરસી ચાંપવામાં સંતોષ માન્યો.

આ સભ્યતાની ક્રિયા દરમ્યાન વારે ઘડીએ લોકોના રીત રિવાજ ઉપર વાતો થતી. કલેકટરને વારંવાર દેશાઇજી તથા પોતાની સ્રી વચ્ચે થતી વાત એકમેકને સમજાવવા ને પોતાની સ્રીની ભુલો સકારણ સુધારવાનું કામ હતું.

મડમ સાહેબે પુછ્યું કે આવી રીતે વિવાહ કરેલાં અને પરણાવેલાં છોકરાં પોતાની પછીની જીંદગીમાં એકમેકને ચહાય છે કે નહીં. તેના ઉત્તરમાં દેશાઇ હસ્યા અને સમજાવ્યું કે જો મડમ સાહેબ ચકમાં દેશાણુ કને જશે તો તે સવાલનો યોગ્ય જવાબ આપશે. તેમણે વિચાર્યું કે મારો ને દેશાણુનો એકમેકપર સરખો પ્રેમ છે, પણ પહેલી વાત મડમના માનવામાં આવી

કે નહીં, તે તેના કરતા મડમ સારી રીતે સમજતી હતી. તેમણે ખરી વાત તરીકે એટલું તો કબુલ કીધું કે પોતે અથવા તો દેશાણે કોઈ પણ દીવસ 'પ્રેમ' અને 'મહારા વહાલાં' એ શબ્દો સાહેબોની માફક એકમેકની વાસમાં વાપર્યા નહોતાં, પણ તેમને ખરેખર લાગ્યું કે બેઉ એકમેકના વહાલાં હતાં ને પરસ્પર ચ્હાતાં હતા, જો કે એ પ્રશ્ન તેમનામાં કદી ઉઠયો નહોતો. શુભ ગ્રહના યોગમાં અને પોતાની તથા દેશાણ વચ્ચેની બાળપણની મિત્રાચારી કરતાં વધુ મિત્રાચારીથી આ વિવાહ શરૂ થયો છે તેથી પોતે તેમની બહુ સુખી જીંદગી ગાળવાની આશા રાખે છે એમ કહી વાત પૂરી કરી આ દેશમાં પરણેલાં સર્વ છોકરાં આખેસરવાળે, પોતાના દેશના સાહેબોની માફક વધારે અથવા તો થોડી સુખી ને પ્રેમમય જીંદગી ગાળે છે કે નહીં તે પ્રશ્ન 'વસ્તી પત્રકના રીપોર્ટમાં' એ ખાતુ રાખવાનું ફરમાવી આ બાબતના બન્ને દેશમા થતા ફાયદા તથા તેની નોંધની સંખ્યાની સરખામણી ને મુકાબલાથી નિષ્પક્ષપાતે સમજાવી શકાય.

દેશાઈ ઘણાં વાતોડીઆ લાગતા હતાં તે તેમના વિચાર એટલા વિસ્તારથી સમજાવતા કે કલેકટરને કોઇ સભ્ય રીતથી તેમની વાત બંધ કરાવા વિચાર થયો. મડમ બાજુએ હતી ને તેને એમ છતાં આ વાતમાં વિષયની વિલક્ષણતાને લીધે એટલો બધો તો રસ પડતો કે તે ફરી ફરી દેશાઇને વાત આગળ ચલાવવાને ઉસ્કેરતી. તેના પતિએ પોતાની સ્ત્રીની આવા ત્રાસદાયક વાતોડીઆ દેશાઈ તર્ફની દિલસોજીનું કારણ સ્ત્રીનો વાતોડીઓ સ્વભાવ ધાર્યો. પણ આ ત્રાસદાયક વેગી વાતપ્રવાહનો બદલો વચ્ચે વચ્ચે દેશાઇ પૂર્વના (એશિઆ ખંડના) હાસ્યરસનું મિશ્રણ કરવા પ્રયત્ન કરતાં, જે બરાબર સમજાયાથી ને માંહે રસ પડવાથી, કંઇક અંશે મળતો. જ્યારે આ એક વિષય પૂરો થયો ત્યારે કલેક્ટરનાં મડમે એક બીજા વિષયથી વધુ અચંબો પામી પુછ્યું કે, "તમારા જેવા સમજુ માણસો જન્માક્ષરની ભવિષ્ય વાણીપર વિશ્વાસ રાખે છે? શું તમારા જેવાં, પાસે ભણેલાં આવા

વ્હાલાં અને સુંદર બાળકોનું જીંદગી સુધીનું લગ્ન (જોડાવું તે) કરવામાં આથા જુઠેમોપર આધાર રાખે છે?” કલેકટરને ખોટું લાગ્યું કે પોતાની સ્ત્રી જે શાસ્ત્રપર દેશાઇજીનો દૃઢ વિશ્વાસ છે, તેનો પ્રશ્ન કરી મેજબાનની લાગણી દુખવશે, અને વળી વાત હજી લાંબી થશે એમ ગભરાયા. પણ વાત બદલી નાંખવા કોઈ રીત ખોલી કહાડે તે પહેલાં તો કયારનાએ તેઓ નવા વિષયપર ઉતરી પડયાં હતાં. દેશાઇજીએ થોડીવાર વિચાર કરી કંઇક ગંભીરતાથી ઉત્તર દીધો, “મડમ સાહેબ, ભવિષ્ય વાણી ખોટી પડે એવું તો જ્યારે અમારા જોશીઓ ગણત્રીમાં ભુલ કરે છે ત્યારેજ બને છે, પણ અમારો ઘર જોશી, એ જુઠો પડયો હોય એવો એક પણ ઉચ્ચાર હજી સૂધી કર્યો નથી. જો એવો સલાહકાર મળી જાય તો તેની ગણત્રિથી ગ્રહોએ આપેલા વચનો, મારા કુટુંબને ઓછામાં ઓછા સો વર્ષમાં મોગલ અને પેશ્વા સુબાઓ અને કંપની બહાદુરે પણ વારંવાર આપેલા વચનોની જાસ્તી-

નગીરી કલેકટર સાહેબના દસ્તાવેજો આપે છે તેના કરતાં વધુ સત્ય નિવડે છે. કરોળીઆની જાળની માફક સાહેબની કચેરીએ મને જે અડચણમાં નાંખ્યો છે તે લાંબા વખત થયાં મારા જોશીએ ભાખેલું હતું, અને વળી અમારી ધીરજ ને દૃઢતાવાળી નાની પુત્રવધુ યોગ્ય ઉમરની થતાં કેવી રીતે અમને છોડાવશે તે પણ કહ્યું છે. જો તમારી મરજી હોય તો મડમ સાહેબ, તમારા ખરા જન્માક્ષર બનાવવા બંગલે મોકલું."

આ વાતની હા કહી. પણ મડમને પુછવાનું મન થયું કે, "સાહેબે તમને અડચણમાં નાંખ્યા તેથી તમે તેમનાપર ગુંસ્સે થયા છો કે નહીં?"

"ના" દેશાઇજીએ ઉત્તર દીધો, એમનું કામ જેટલો આધાર સરકારના હુકમપર રાખે છે તેટલોજ આધાર એમની બુદ્ધિ ગ્રહની ગતિ ઉપર રાખેછે. ગ્રહે બનાવેલાં ગાળામાં પોતાનું માથું મુકવાને માટે બીજા માણસનો દોષ કહાડવો એ મૂર્ખાઇ છે."

આ વૃદ્ધ માણુસ જેણે ધાર્યું હોત તો કલેક્ટરની કચેરીમાં ઘણી ખટપટ કરી મૂકત, તેના ગુસ્સામાંથી પોતાને જે અહોએ બચાવ્યો. તેને માટે સાહેબના હૃદયમાં આભારની લાગણી ઉત્પન્ન થઈ. દેશાઇજી જેવાં વતનના ખેતાબો માટે સરકારે સખત કાયદા ઘડયા હતાં, અને જે સવાલોને માટે સામાન્ય વિચારો દેશાઇજીના લાભમાં ઇન્સાફ આપવો યોગ્ય જણાવતાં હતાં, તેમાં પોતાની મરજી વિરૂદ્ધ કલેકટરને ઉતરવું પડયું હતું. 'પુરાતન જમીનદારોનું વતન' એ વારંવારના પત્ર વ્યવહારનો તથા તેમના ધંધાની સ્થિતીનું યોગ્ય ચિત્ર આલેખવું એ ભિન્ન ભિન્ન મતોનો વિષય હતો. તેથી સત્ય શું છે અને અસત્ય શું છે તે સમજવા સર્વ અન્ધારામાંજ અથડાતા હતાં. આ વખતના શહેરના લોકોના વિચાર વિવિધવાદિ વર્તમાન પત્રોના તર્ક ઉપરથી વગર વિચારે બાંધી શકાય નહીં, ભોલા વૃદ્ધ દેશાઈજીની ચાલાકી અને પોતાના દસ્તાવેજોનું પૂર્ણજ્ઞાન પોતાને નહીં અને

પોતાને સમજાય નહી એવા વર્તમાન પત્રોપરથી ઉત્પન્ન થએલા કચેરીના શકોથી થતી તપાસની કસોટી બરાબર થઈ શકેજ નહીં. કલેકટર એમની અડચણોમાં પૂરેપૂરી રીતે દિલસોજી કરતાં હતાં, તોપણ પોતે તેમણે મદદ કરવા અશક્ત છે એમ મનમાં લાગતું. તેનું દુઃખ, દેશાઇજીની ગ્રહમાં શ્રદ્ધા જેના વડે કચેરી સાથે ઘણું ખરૂં વડતાં કુટુંબની મિત્રતા જળવાઇ રહી, તેથી હૃદય મુકત થયું

દેશાઇજીના, પોતાને મન આ વહેમના વિચારપર વિચારતાં હસી પુછયા વિના રહેવાયું નહીં. "ગ્રહથી જાણવા છતાં પણ મને તથા તમને પોતાને આ બાબતમાં શું કરવા કંટાળો આપો છો ?"

દેશાઇએ વગર ઢીલે ઉત્તર દીધો, "કર્નલ સાહેબ જો કે લશ્કર દોરે છે, અને તોપણ તેના લશ્કરની મહેનત અને શકિત તેને દોરે છે, તેજ પ્રમાણે ગ્રહોની ગતિ મનુષ્યોને પોતાની ઇચ્છા-

ના સાથી કરતી, મનુષ્યોની ઇચ્છાનુસાર ફેરવાય છે. પરમાત્મા (અખીલ વિશ્વનો આત્મા) ગ્રહો તથા મનુષ્યનો સામાન્ય કમાનડર સાહેબ છે, ને તેની ઇચ્છા એવી છે કે મનુષ્યો માટી અથવા તો પત્થરના જેવા જડ ન રહેતા સર્વે વ્યવહારં ચલાવે, ને સારા ને નરસાના પરિણામની સત્તા તેણે ગ્રહોને સોંપી છેં-કે જેથી માણસ મગરૂર, અંને ઉદ્ધત અથવા તો નાઉમેદ અને હીચકારો થઇ જાયં નહીં. "

દિવાનખાનામાં નોકર દાખલ થયો, ને શેઠ તથા પરોણાઓને સલામ કરી મંડળીને સાદા ગુજરાતીમાં કહ્યું, "નાચ શરૂ થવાની તૈયારી છે અને બા સાહેબ મડમ સાહેબને મળવા પરસાળમાં રાહ જુવે છે."

દેશાઇજી કલેકટરને નાચ મંડપમાં લઇ ગયા ને તેમને એક ખુરશીપર બેસાડયા. બીજો બધો દેશી વર્ગ ત્યાં કીમતી ભરતની સેતરંજીપર ખીચોખીચ બેઠો હતો. કલેકટરને ત્યાં મૂકી મડમસાહેબ સાથે દેશાઇજી પરસાળમાં ગયા.

પ્રકરણ—૨.

વાત પ્રસંગ.

વચ્ચે આવેલા મોટા સમચોરસ ચોકથી દેશાઈજીનું દિવાનખાનું અને પરસાળ જુદા પડતા હતા. ચોકની આસપાસ ઓટલો હતો ને ઉપર ખુલ્લી અગાશી છાપરારૂપ આવી રૂહી હતી. બાનુ અતિથીને દેશાઇજી બહારના દીવાનખાનામાંથી ચોકમાં થઇને પરસાળમાં લઇ ગયા. ચોકમાં થઇને જતાં ઓટલા ઉપરની સાદી શોભા ઉપર આપણી બાનુની નજર પડી. ઉપર ઝાડની કેટલીક ડાલીઓ ચીત્રેલી હતી, પીતળના પાંજરાની એક જોડી છત ઉપરથી લટકતી હતી, અને કોતર કામથી સણગારેલું તુલસીનું કુંડું ચોકના મધ્ય ભાગમાં વેદી (ઉંઢણુ) ઉપર મૂકેલું

હતું. એક પાંજરામાં પોપટ હતો, અને બીજા પાંજરામાં મેનાની એક જોડી હતી. પોપટે "જય શ્રી કૃષ્ણ" ના શબ્દથી અતિથીને આવકાર આપ્યો. મેનાઓ, પોતાના વર્ગના ખુબસુરત પક્ષિઓના કુદરતી વસ્ત્ર જેવાંજ વસ્ત્રોથી આચ્છાદીત થયેલું અને તેમને પોતાને હાથે રોજ ખવાડતી શેઠાણીના જેવા ચહેરાવાળું આમ ધ્યાન ખેંચતું કયું કુદરતી પ્રાણી આવ્યું તે વિચારતાં આશ્ચર્ય પામી.

"મડમ સાહેબ, આ રહ્યા દેશાણ. જે તમારી જોવાની ઇચ્છા હશે તે બધું તમને તે બતાવશે." દેશાઇએ પરસાળના ઉમરા આગળ કહ્યું "મારે કલેકટર સાહેબ કને અહીંઆથી જવું જોઇએ. જનાનામાં સ્ત્રીઓ કને મારાથી અવાય નહિ." અતિથીએ માંહે પ્રવેશ કર્યો અને ઘરના શેઠના ગયા પછી બારણાં બંધ કર્યાં. દેશાણ અને અંગ્રેજ બાનું બાજટપર બેઠાં ને વિવાહ પ્રસંગે ખાસ કરીને નોતરેલી સ્ત્રીઓ,

પોતાને ઘરથી એક પછી એક આવી મંડળીમાં એકઠી થઇ, રૂઢી અનુસાર આદરસત્કાર અથવા તો ઓળખ કર્યા વિના મુગી—ચુપ ચાપ જોતી બેસી રૂહી. દેશાણુને મડમ સાથે વાત કરતાં થોડોક વખત થયો નહિ હોય એટલામાં કોઈ નવું આવ્યું છે એમ સાંભળ્યું, અને આ રંગ ભુમીપર થોડા સમયમાં એક બીજી સ્ત્રી આવી.

"તમે આવ્યા?" ગૃહુણીએ (દેશાણે) પુછ્યુ

"હા તમે બેઠાં છો?" ઉત્તર મલ્યો.

વાતચીત થઇ અને પરસ્પરના લાભના વિવિધ વિષયો ચર્ચાયા, ધીરે ધીરે સ્ત્રી મંડળ વાતોમાં લીન થતું ગયું. સર્વ અંગ્રેજ સંસારના રીત રિવાજો જાણુવા આતુર હતા. વારંવાર હાસ્યથી વાત બંધ થતી અને દરેક બીજાને સમજાવામાં ભાષામાં મશ્કરીને પાત્ર ભૂલો કરતી તેથી વાર્તા વ્યવારે આનંદદાયક થતી. વાતચીત પુરી થતાં દેશાણે ત્યાં આવેલી કેટલીક સ્ત્રીઓને, તેમની પત્નીઓ, બાપના, અથવા તો બીજાં સગા-

ઓના ધંધા અને કલેકટર સાહેબની અથવા તો બીજી કચેરીમાં નોકરીયાતોના પગારો જણાવી, મડમ સાહેબને ઓળખાવી. ઘડીએ પળે પોતાના ધણીનું નામ સાંભળતા યુવતિઓના ગાલ પર લાલાશ દેખાતી–શરમાતી–ને યત્નથી પોતાનું મ્હોં ફેરવતી અથવા તો તેપર સાડી ઢાંકતી. મુલાકાતની છેવટે માનવંત બાનુને સાકરથી ભરેલું રૂપાનું પ્યાલું આપી દેશાણે તજવીજથી સમજાવ્યું કે આવા શુભ અવસર ઉપર સાકરથી અથવા તો મિઠાઇથી ભરેલા પ્યાલાઓની લ્હાણી કરવાનો રિવાજ છે. બીજી એક સ્ત્રીએ રિવાજની કરકસરપર ટીકા કરતાં વધારામાં કહ્યું કે સાધારણ રીતે પ્યાલાં ઘણાંજ સોંઘા હોયછે. અંગ્રેજ બાનુ પરસાળનાખૂણામાં પડેલાં દડીઆનાં ઢગલા ઉપરનું આ કહેવું સમજી. બાળ ચુની છાની માની આ વાત સાંભળતી હતી. તેણે અદૃઢપણે મનમાં ધાર્યું કે મારે મોટા અગત્યના જીવન વ્યવહારમાં ગુંથાવાનું છે, પણ તે કાંઇ પણ પ્રશ્ન પુછી શકી નહીં.—તે સમજી કે હવે મારે

એકની બે મા થશે, અને તેને ચોકમાં ઉભા ઉભા માળ ઉપર નજર કરી ત્યારે તેને તે આખું ઘર પોતાનુંજ હોય એમ લાગ્યું.

"બ્હેન અંદર આવ," દેશાણે પરોણાને વિદાય કરી પાછા ફરતા કહ્યું. તેણે ચોકમાં આસપાસ જોયું અને ચુનીને વિચારલીન જોઇ. પોતાના નવાં ઘરમાં એકલી સોહરાતી આ છોકરીને જોઇ વૃદ્ધ ગૃહિણી (દેશાણ)ની આંખમાં આંશુ આવ્યા. તે ઘણો અચંબો પામી અને જ્યારે ચુની તેની તર્ફ દોડી કમરે બાઝી પડી તેજદાર આંખોથી સામુ જોઇ નીચેના શબ્દો બોલી ત્યારે હર્ષ પામી.

"હવે તમે મારી બા નહિ? આ ઘર હવે મારૂં નહિ?"

"હા બ્હેન." હર્ષના આંશુ પાડતાં ને ચુનીને શાબાશી આપતાં કહ્યું

"આજની માફક હવે કોઇ અવસરે જ્યારે

આ બધા આ ઘરમાં એકઠાં મલીશું ત્યારે મારી બાની માફક તમે મારી જોડે વાત કરશો, અને આપણે આપણો બધો વખત વાતોમાં કહાડીશું!" આતુરતાથી આશામાં બાળાએ પૂછયું.

"હા બ્હેન એવીજ રીતે, મારા મોત સૂધી અને જયાં સૂધી ત્હારે પણ મારી માફક ત્હારા જેવી છોકરાની વહુ જોવાનો વખત આવે ત્યાં સૂધી!" સાસુએ ચુનીના માથાપર હાથ મૂકી કહ્યું.

"બા તમે મરવાની કેમ વાત કરો છો?" ચુનીએ અચંબો પામી કહ્યું.

"ત્હારી હયાતીમાં મારૂં મોત સુખી! હરી ઘરડાઓને ઉંચકી લે ને જુવાનો જીવે ને સુખી રહે!" તેમને પોતાથી જૂદા પડવાનો એક દિવસ આવશે એવો વિચાર થતાં દિલગીરીથી ધીરે સાદે બોલ્યા.

ગંભીર શાંતતા વ્યાપી રહી, અને વચ્ચે-

વચ્ચે અહાર નૃત્ય કરતી નાચનારીઓના ગાવા-
ના સાદથી તેમાં ભંગ થતો.

"એક ક્ષણમાં તેઓ ત્યાં આવી પહોંચ્યા. તે-
ઓની વાતચીત અને ગાયનના પડઘાથી ચોક
ગાજી રહ્યો, અને તેમનાં ઘરેણાં અને સાડીઓ-
ના પ્રકાશથી ચળકી ઊઠયો." ચુનીએ જાણ્યું કે
હવે મને ઘર વળાવવાનો વખત થયો છે.

પ્રકરણ--૩.

સ્ત્રીનો ધર્મ.

વિવાહ થયા પછી થોડેક વર્ષે ચુનીના લગ્ન થયાં. પોતાની દીકરીના ક્રુર અદૃષ્ટ નસીબની ચુનીની મા જેવો વિચાર શહેરની કોઈપણ સ્ત્રીના મનમાં આવે નહિ. તેની મોટી છોકરીને એક ગરીબ કુટુંબમાં પરણાવી હતી. ત્યાં તે પત્ની અને વહુ તરીકે પોતાની મા તથા ધણી ને તેના કુટુંબને એક સરખી રીતે વખાણવા લાયક દ્રષ્ટાંત રૂપ થઈ પડી હતી,. વણ મદદ. વગરની મહેનતથી ફરીફરીને ઉથલો ખાતી તેની માંદગી, અને વલી પોતાની વ્હાલી

બાલકીના કુટુંબની ઘણી સ્ત્રીઓને પ્રસંગોપાત્ત-ની અનિવાર્ય ભૂલથી માઠું લાગવું, આ સર્વ જોઇ માનું લોહી સુકાતું.

દેશાઇજીનું કુટુંબ પૈસાદારતો હતુંજ અને જો કે બાળદેશાઇ હઠીલા સ્વભાવના હતા, તો-પણ ચુનીના લગ્નથી માના હૃદયપરથી દુઃખનો ઘણો ભાર ઓછો થયો. દેશાણ સારા સ્વભાવના છે એ તે જાણુતી હતી, અને તેને માત્ર એટ-લીજ ફીકર હતી કે બાળ દેશાઇ તથા કુટુંબને દોરંવાની સમજણ આવે, તેવીજ રીતે કેળ-વાય. ઘણીખરી વખતે બપોરના તેની ભવિષ્યની ફર્જો તે તેને સમજાવતી અને સંકટમાંથી બ-ચેલી અથવા તો પાયમાલ થયેલી ઘણી વહુની દાખલા યોગ્ય વાતો અને જીવનો તેને કહેતી. ચુનીને તેની માએ ઘર સંસાર ચલાવવાનો અ-નુભવ આપ્યો, અને પોતાની બ્હેનના જીવનના દ્રષ્ટાંતથી તેનો સ્વભાવ નમ્ર થયો અને આશા-ઓ અહંકાર વગરની થઇ; એમ છતાં પણ ચુની-નો વિચાર માત્ર વૈતરાનુંજ જીવન ગાળવાનો ન

હતો. તેની બ્હેનપણીઓ પાસેથી સાધારણ ભરત કામ, શીવણ તથા કેટલાંક ગીતોપણ શીખી.

તે વખતે કન્યાશાળાઓ નહોતી. ઉચ્ચ જ્ઞાતીની છોકરીઓને લખતાં વાંચતા તો અવશ્ય શીખવવામાં આવતું હતું, અને પ્રસંગોપાત્ત પોતાના પતિને તથા માને કાગલો લખી શકતી. પોતાની કેટલીક બ્હેનપણીઓ પાસેથી ચુની આ કળા શીખી, અને પોતે જો કે બાળ દેશાઇ સાથે હજુ સુધી બિલકુલ બોલતી નહોતી તોપણ પહેલાં એક ચિઠ્ઠી તેનાપર લખી હતી, આ ચિઠ્ઠીએ આ બાબતમાં પોતાની બુદ્ધિ કેળવવા તેને લલચાવી. તે ન્હાની હતી અને રિવાજ પ્રમાણે વાત કરવાની મના હતી તોપણ પોતાના ધણીના કૃત્યોની વાતોમાં રસથી ભાગ લેવા જેટલી તેનામાં બુદ્ધિ હતી. બાળ દેશાઇએ ચુનીના પત્રોના દાખલાઓથી થતો આનંદ જણાવ્યો હતો.

પત્ર પુરો થતાં સહીની ઉપર કોઇ સારી વાંચવાની ચોપડી અથવા તો ચિત્ર પોથી મોક-

લવા વિનંતી કરતી. મંગળા ચરણમાં—આરંભ-
માં અમુક નઠારા છોકરાની દોસ્તી છોડી દેવાની
નમ્ર વિનંતી કરતી. ચુનીની અગાશીને ઉંચે
આવેલા છેલ્લા માળની એક બારીએ બાળ દે-
શાઇ જોતાં એકલા ઉભા રહ્યા હતાં, તે વખતે
આ સાહસીક છોકરીએ એક વાંસને એક છેડે
ચીઠ્ઠી બાંધી દેશાઇને પહોંચાડી. બાળ દેશાઇ
ગભરાયા અને આશ્ચર્ય પામ્યા, પણ ચુનીના આ
અણધાર્યા સાહસથી તે નાખુશ થયા નહીં,
તેનો હૃદયભાવ જાણવા કરતા તેની સાથે વાત-
ચીત કરવા તે ઘણાં ખુશી હતાં. ધડકતા હૃદય-
થી તેમણે પત્ર ઉઘાડી વાંચ્યો. પોતાના મિત્ર
વિષે આપેલી શીખામણથી તેમજ પોતાની
પત્નીના ચિત્રના શોખથી તેના મનપર અસર
થઇ અને તુરત જવાબ લખ્યો અને પોતાની
ખોટી ચાલચલગત કબુલ કરી સુધરવાનું તથા
તેની બીજી અર્જી કબુલ રાખવાનું વચન આ-
પ્યું. હતભાગી અજ્ઞાન બાળ દેશાઇએ પોતા-
ની સ્ત્રીને આપેલું વચન પાળ્યું નહિ અને થોડા

દિવસમાં પંત્રની સર્વ વાત પોતાના એક દોસ્તદારને કૂહી દીધી. તેને સ્રીને હમેશા ફ્રેવા કબજાંમાં રાખવી તેપર મોટું ભાષણ કર્યું, અને દેવગુણોવાલીપ્રજાના યુવાનોની વહુઘેલ્લુછાપર પોતાનો તિરસ્કાર બતાવ્યો. આંવા પ્રસંગો અને બનાવોથી અંકિત થએલી ચુનીની બાલ્યાવસ્થા છે.

દિનપરદિન બાલ દેશાઇ બગડતા જતા હતા, અને દુર્ગુણોથી હૃદય આંધળું થતા મા બાપ, ન્યાંત, રીતરિવાજ તથા ધર્મની અવગણના કરતા શીખ્યાં. ચુનીના શીખામણોના પત્રો લંબાણમાં તથા સંખ્યામાં વધ્યા, અને પોતાની બુદ્ધિથી લખેલા સુદ્ધ હૃદયના પત્રોથી દુષ્ટ સંગતના ભોગ ઊપર કાંઇ પણ અસર થઈ નહિ તે જોઇ અચંબો પામી. આ ઉગતા જુવાને એક વર્ષ પર અજાણી એવી નિરાશા અને ભયથી, ચુનીને ઘેરી લીધી કે તે મોટી પ્રબલસત્તા (ઇશ્વરની), હૃદયમાં અને હૃદય બહાર થતી વાણી દ્વારા સાંભળવા લાગી, અને જેના વગર તે

બાળાનું જીવન દુઃખરૂપ થઈ પડત તે દ્વારા બાહ્યબળ મેળવવા લાગી.

ચુની લાંબો વખત થયાં પવિત્ર કથા સાંભળતી હતી. ત્યાં કુળદેવી શ્રીમતી સતીનું આખ્યાન સંસ્કૃતમાં વંચાતું અને સ્ત્રી અને પુરૂષ શ્રોતાઓને સરળભાષામાં સમજાવતા. તે ત્યાં સાંભળી સમજી હતી કે ખરી સ્ત્રીને-પતિવૃતાને પોતાના પતિની સેવા કરતા કોઇ પણ ધર્મ ફર્જ મોટી નથી; પણ તેજ પુરાણીજીને તેણે કહેતા સાંભળ્યા હતાં કે સ્ત્રી પુરૂષનો સંબંધ, સંસારિક, પ્રાપંચીક-મૃગજળવત્-ને માયામયી છે. કુલદેવી અને કુલદેવ એ બેઉ એક ઇશ્વરના નામાંત્તર છે--એ મનુષ્ય આત્માનું અખંડીત વિરામસ્થાન છે--અને તે દેવતર્ફની આપણી ફર્જો, માબાપ, પતિપત્ની અથવા તો બાળક પ્રતીની ફર્જ કરતાં વધારે મોટી છે.

શું ચુની ખરી પ્રેમી સ્ત્રી નહોતી, તે કેમ સુખી નહોતી? તે પોતાના પતિને માટે કાંઇ

વધારે કરી શકે એમ ન હતુ? શું તે દેવીની ભક્તિમાં સુદ્ધ હૃદયા નહોતી? આવા પ્રશ્નોથી દુઃખીત થયેલી ચુની નિરાશાથી કથા છોડી, કુલદેવીની વાણી સાંભળવા એકાંતમાં ગઇ. સ્મરણુમાં રહેલા વ્યાસજીના કેટલાંક વચનો તેના હૃદયમાં તરવરી ઉઠયાં.

• તે મનમાં બોલી, "શું દેવી દરેક સુદ્ધ હૃદયના પ્રાણીનુ જીવન અને બુદ્ધિ, ઇચ્છા, તૃષા, સહન શકિત, શાંત્તિ ને વિવિધ કાર્યો પ્રવૃત કરનારી સત્તા નથી ? તે શાંત્ત થઈ પણ ફરી પ્રશ્ન ઉઠયો. "જો દેવીએ બાળ દેશાઇમાં સહન શકિત, શાંતિ અને સ-તા હોવાની ઇચ્છાથી ખરા સુખની તૃષા અને ઇચ્છા મૂકી હોતતો?" વિચાર હૃદયમાંજ રહ્યો, તેને મૂકી અસ્ત પામ્યો નહિ.

"હા." તેણે નિશ્ચય કર્યો, "દેવીએ મને આપેલા ત્રણ તત્વો (કાયા, વાચા, અને મન) મારા પતિની સેવામાં લગાડીશ, દેવી એમન્રે

જીવન અને સદ્‌બુદ્ધિ આપો!" આ શબ્દ બોલતાં પોતાના માથાંપર હાલતુ અદૃશ્ય થતું તેજ જોયું, અને તે નિંદ્રાવશ્ય થઇ ગઇ. તે ફરી જાગી ત્યારે તેનામાં નવું બળ આવ્યું હતું, અને હૃદય દૃઢ અને આનંદી બન્યું હતું, ને મલેલો અનુભવ તેના હૃદયમાં પછી સ્વપ્ન રૂપે રહ્યો. થોડાકને તેણે શ્રદ્ધાથી આ વાત કહી. અને આ પવિત્ર ગુહ્ય બનાવ ચુની પૂર્વ જન્મમાં સતી હતી એમ સુચવે છે, એવું સાંભળનારાઓએ સમજાવ્યું. આ શ્રદ્ધાથી ચુનીએ સ્ત્રી અવસ્થામાં પ્રવેશ કર્યો.

દેશાઇ અને દેશાણે ચુનીની ઉચ્ચ સ્થિતીના અનુભવની વાત જેથી દેવીનું સત્-અથવા તો સત્તા અને બળ-તેનામાં આવ્યુ હતું તે સાંભળી નહોતી. તેમણે જોયું કે બાળ દેશાઇ તેમના સાત્વિક ધાકની અવગણના કરતા હતા; તેમણે વિચાર્યું કે ચુની હવે આપણે ત્યાં રહેવા જેટલી મોટી થઇ છે, અને એથી જુવાન પુત્ર સુધરશે એવી આશાથી બેઉ માબાપોએ નક્કી

કહ્યું કે હવેથી ચુનો તથા બાળ દેશાઇએ પતિ-પત્ની થઇ રહેવું.

પ્રકરણ–૪.

શુભ અને અશુભ ગ્રહનો યોગ.

દેશાઇજીના કુટુંબના નસીબ પ્રવાહની ભરતી ઓસરવા લાગી! તેમના વતન, તેની હદ અને તેના નફા વિષે પ્રશ્નો ઉઠ્યા! અનેક કલેકટરો આ ગુંચવાડા ભરેલા પ્રશ્નોની શોધમાં લાગ્યાં! તથાપિ દરેક પોતાની પછવાડે આવનારને માટે તેમને વધારે ગુંચવાડા ભરેલાં કરી જતા, પણ એક બુદ્ધિવાન અને હોંશીલા નવા આવેલા દેશી ડેપ્યુટી કલેકટરે અડચણો દૂર કરી અને વેરથી અંકિત કરી પ્રશ્નો છોડ્યા.

દેશીડેપ્યુટી કલેકટરની બુદ્ધિ પ્રમાણેની ધારણાંને મળતા થતા સરકારનો વિચાર આ ખા-

મ્હાન કુટુંબની તર્ફે યોગ્ય પ્રાચીન લાયક લાગણી બતાવવાનો હતો. શોધ ને તપાસમાં વીતેલો મોટો કાળ અને વિવિધ સ્થળે થયેલો ખાંડીબંધ પત્રવ્યવહારનું પરિણામ આખરે આ સરકારી અમલદારને હાથે આવ્યું.

એમ નક્કી કરવામાં આવ્યું કે પેઢીધર મૂળનું વતન બંધ કરવું અને તેમને બક્ષેલા વજીફાની કાનુનોમાં ફેરફાર કરવો. જમીનની માપણી કરવી, કર નાંખવો અને સર્વ વાત નક્કી કરવી. સરકારી ચોકસાઇ હમેશાં મોટી હોય છે ને તેનો છેડો આવતાં વર્ષો થાય છે. આ દરમ્યાન દેશાઇજીને કારકુનો અને સિપાઇઓ વિગેરે નાનાંઅમલદારોના ઝુંડનું કામ પડે છે, અને તિક્ષણ બુદ્ધિના હલકા અમલદારોથી ઉઠાવવાના સંભવ જેવાં પ્રશ્નોનું નિરાકરણ કરવા પોતાને ખર્ચે એવું એક ખાતું પોતાને ત્યાં રાખવું પડે છે.

સરકારી અમલદારે વૃદ્ધ પુરૂષને (દેશાઇને) આશા ભંગ કર્યો. સરકારના આ અન્યાયી કા-

ચેની એક શહેરી વકીલને ખાતરી હતી, અને તેણે તેમને ન્યાયની અદાલતમાં પોતાના હકકો ને માટે લઢવાનો ઘણો આગ્રહ કર્યો. પણ આ એક જયપરાજયના સંદેહથી ભરેલું માથે હોરવા જેવું કામ હતું. પોતાની વૃદ્ધાવસ્થાને લીધે કામ પૂરૂ થતા સૂધી લાંબો વખત જીવવું અથવા તો કેસમાં ફ-તેહમંદ થવા જે શકિત, સંભાળ અને ચાલાકી શરૂઆતથી તે છેવટ સૂધી રાખવાની જરૂર હતી તે હોવું અ-સંભવિત હતું. તે સારી પેઠે સમજતા હતાં કે "ઉમરમાં વધતા મારાં છોકરામાં, મારાથી આટલો વખત થયાં ખેંચાતા હળના ભારમાંથી મુકત થવાની શકિત અથવા તો ઇચ્છા નથી." ઘરનાં અશુભ ગ્રહો નિચ રાશીના દિસતા હતાં—પોતાની પૂર્ણ સત્તા ચલાવતા હતાં. ભાવિ ભાખે એવો વૃદ્ધ ઘર જોશી હમણાં મરી ગયો હતો અને માત્ર નામધારી જોશીઓપર વિશ્વાસ રખાય એમ નહોતું. આંવી રીતે આ બાબતનો વિચાર કરતા દેશાઇજી એક દિવસ ગાદીપર બેઠા હતાં

તેવામાં મુનીમ વર્ષની શીલીકનું પત્રક લઈને આવ્યો. દુઃખી-નિર્ધન હાલત - પત્રકે સુચવી. બાળ દેશાઇના લગ્ન કરતા પણ આ વર્ષે ખરચ વધારે હતો, અને નહીં ધારેલાં ખેડુતો અને આસામીઓએ દાણ આપ્યું નહોતું; દેશાઇને નહીં ઓળખતો નવો અમલદાર વર્ગ આવ્યો હતો અને તેથી આ મોટા જમીનદારની આબરૂને મોટો ધોક્કો લાગ્યો હતો. પોતાની સ્થિતીનો વિચાર કરતા દેશાઇએ હોઠ કરડયો અને જ્યારે તેમણે જાણ્યું કે બાળ દેશાઇનો ગજવા ખર્ચ ઘણોજ વધી ગયોછે અને તેને માથે ખાનગી દેવાં પણ છે ત્યારે તેમના દુઃખમાં ઘી હોમાયું. મુનીમ સલામ કરી પાછો ગયો. દેશાઇએ પોતાના સુખ દુઃખની ભાગિણી સ્રીને બોલાવી. તેણે પણ મુનીમ સાથે વાત કરી હતી. તે કેટલાંક દિવસ થયાં માંદગી ભોગવતી હતી અને ઘરના વૈદથી કાંઇ ફેર પડયો નહોતો. મુનિમે પડોશમાં દુકાનવાળા પારસી ડાકટરને બોલાવવા કહ્યું પણ શેઠાણીએ હસી કહ્યું " પેલી વાતની

એટ બધા રોગપર નેપાળાના પડીકા વાપરતા ગાંધીના મુનીમની માફક બધા રોગનો ઇલાજ દારૂ છે એમ એ સમજે છે, તેની દવા ખાવા કરતા નશીબપર આધાર રાખવો સારો છે.”

તે દારૂરૂપી વિષથીજ તેનો છોકરો હતભાગી થયો હતો ને તેથી કોઇ પણ કારણસર તેનું એક પણ ટીપું નહીં વાપરવા તેનો દૃઢ નિશ્ચય હતો.

દેશાઇ અને દેશાણુ તેમના ઘર સંસારની આયપતની વાતોમાં ગુંથાયા. એકમેકની આંખમાંથી વહેતો આંસુ પ્રવાહ ખાળવા કોઇની હીંમત ચાલી નહીં. તેમની સર્વ આશાઓ ચુનીમાંજ હતી. જોશીઓએ તેનાં શુભ ગ્રહોનો યોગ વખાણ્યો હતો. તેના ડહાપણ અને બુદ્ધિના તેમને ઘણાં દાખલાં મલ્યા હતા. છોકરાની આયપતમો કારભાર ચુનીને હવાલે કરવાનો અને જેમ બને તેમ વધારે પ્રમાણુમાં ઘર સંસારનો ભાર તેને સોંપવાનો વિચાર કર્યો.

પ્રકરણ—૫

માના જીવને શાન્તિ!

મલાજો (વડીલોની આમાન્યા) રાખવાના રિવાજથી ઘણી અડચણો વેઠીને પણ ચુની થોડા વખતમાં ગૃહણી (શેઠાણી) અને કુટુંબના સલાહકાર પાર્ષદરૂપ થઈ ગઇ. રાતના દશથી તે સવારના ચાર સુધી-જ રંગમ્હેલમાં અથવા તો આનંદભુવનમાંજ ચુની પોતાના પતિ સાથે છુટતી બોલી શકતી, અને દિવસના ચોવીસ કલાકમાંનો સર્વ બાકીનો વખત પરસાળમાં, રસોડામાં, અને મંદિરમાં. દેવ સેવામાં જતો. આ લાંબો વખત ઘર કામ-માં અને ધાર્મિક ફરજો બજાવવામાં કહાડતી અ-થવા તો નોકરોને કામકાજ સમજાવવામાં. અને

અતિથીઓ ને કુટુંબીઓની જરૂરિયાત જાણવામાં શું થાતી. દેશાઇના ઘરમાં અતિથીઓ તો હમેશાંજ હોતાં. આવી રીતે ઘરમાં ઓછામાં ઓછા પચીસ માણુસ—ઝાંઝી છોકરાં, ટીકા કરવાવાળી વૃદ્ધાઓ, આદર સત્કારથી રહેતાં અતિથીઓ, અને નજર ન રાખવામાં આવે તો કોઠારમાંથી અનાજ પૂછ્યા વિના લઈ જાય એવાં નોકરોની તેને સંભાળ રાખવાની હતી.

ચુની કેળવાયલી નહીં પણ જન્મેલીજ ગૃહણી હતી, અને ઘર ચલાવવાની તેનામાં અલૌકીક બુદ્ધિ હતી. અડગ ઉદ્યોગ, સ્થિર બુદ્ધિ, અને પ્રેમ સંપાદન કરવાની તેની સભ્યતાના યશનું ગાન કરો! એ એક માસમાં ટીકાકારો મદદગાર થયાં, બબડનારા તેના ગુણ ગાવા લાગ્યા અને વ્યવસ્થાએ અંધાધુંધીને ઘરમાંથી દૂર કરી!

વૃદ્ધ દેશાણ આથી ઘરના કામકાજથી છૂટાં થયાં હતાં. ઘરનાં શાસ્ત્રી અને પુરાણીએ વાંચન

અને તેનો ભાવાર્થ સમજાવી પરલોકના વિચારો તેમનાં મગજમાં ભર્યાં. દરરોજ બપોરે જીજ્ઞાસુ શ્રોતાઓથી ચોક ભરાઇ જતો.

પુત્રવધુ અને ગૃહુણી તરીકે ચુંની સરખી રીતે લાયક હતી. નમ્રતાથી તે સત્તા ચલાવતી; પોતાની જરૂરો અને હુક્કોની બાબતોમાં મૌન ધરતી એટલે બીજાં તેમને તુર્તાતુર્ત જાહેર કરતા. દેશાઇ તરફ પતિ ભક્તિ રાખી તેમને પત્ની ભક્તિ રાખતા શીખવ્યું. રીતરિવાજ પ્રમાણે તેને વાત કરવાની છૂટ નહોતી ત્યારે તે પતિને દુષ્ટ મિત્રોથી બચાવવા પત્ર લખી પ્રયાસ કરતી; હવે જ્યારે તેને વાત કરવાની રજા મલી હતી ત્યારે તેની આશા વિરૂદ્ધ, તેનું મન દુભાય એવી બાબતોથી પોતે અજ્ઞાન છે એવું ડોળ કરતી અને જાણે તેણે તેમનામાં એકકે ખામી જોઇ ના હોયની તેમ આનંદી, સુખી અને પ્રશુંસા કરતી જણાતી. તેમના વિચારોમાં ભાગ લેતી, આથી પોતાનું વર્તન સુધારવાનું

અને આબરૂ જાળવવાની લાગણી તેમના મનમાં ઉત્પન્ન થઈ. પોતાના જુના દોસ્તદારોને છોડી દીધાં, જેમણે જાતે પણ તેમનામાં થયેલો ફેરફાર જોઇ એક પછી એકે દોસ્તી છોડી દીધી.

રિવાજ પ્રમાણે પ્રસંગ આવતા ચુની પિયેર ગઇ. જ્યારે ચાર માસના છોકરા સાથે પાછી આવી ત્યારે દેશાણને છેલ્લી માંદગીવશ્ય જોઇ. ચુનીની ગેરહાજરીથી તે વૃદ્ધાના દુઃખો અને જવાબદારી વધી પડયાં હતાં, અને તેથી તેની તબીએત બગડી હતી. હવે તે સુખી જણાતી હતી અને પરલોકના તેડાંની તે ઇચ્છાપૂર્વક રાહ જોતી હતી. તેનો છોકરો સૂધર્યો હતો, પુત્રવધુ પાછી ફરી હતી, અને તેણે છોકરાના છોકરાનું મ્હોં જોયું હતું. વળી વૃદ્ધ દેશાઇ દિનપરદિન સૂકાતા જતાં અને દુર્બલ થતાં હતાં. વધતાં કુટુંબથી વીંટલાઇને અને સાથે કંકુથી પિયેર કંડાવી સૌભાગ્યવંતા જવા કરતાં તેને મન બીજું કયું સુખ મોટું? તેની

ઇચ્છાની તેના હૃદયપર છાપ પડી, અને તેની સિદ્ધતા થવાનો સમય કંઇ બહુ દૂર નહોતો, તેનું સુખ પૂરૂં થવામાં માત્ર એક વસ્તુ બાકી હતી, અને તે તેના પૌત્રનો વિવાહ કરવાની ઇચ્છા હતી. એક બાળકનો બીજા બાળક સાથે વિવાહ કર્યો ! જ્યારે તેનો અંતસમય પાસે આવતો હતો ત્યારે તેણે ચુનીને તેના બાળક સાથે પોતાની પાસે બોલાવી.

"મ્હારી વ્હાલી છોકરી !" તેણે મોં મલકાવી કહ્યું "ત્હારો વિવાહ કર્યો તે વખતે મેં તને કહ્યું હતું કે આવી સ્થિતીમાં મરવું મને ગમે છે, તે તને યાદ હશે ! તે શુભ ઘડી આજે આવી છે ! મારા છોકરાને તેં મારી કુખને યોગ્ય કર્યો છે ! તું આપણા ઘરનો ટેકો છે ! તું હવે ચુની નથી મારા હુકમથી અહીં જે સૌ હાજર છે, તે હવે તને રાણી કહેશે !"

ચુની ક્ષણભર શરમાઇ પણ તુર્તજ તેના ગાલ આંસુથી ભીંજાઈ ગયાં !

"બા, તમે એવું ના કહો." ડચકાં ખાતા બાળાએ કહ્યું, "આ છોકરો મોટો થતાં સુધી તો તમે જરૂરજ જીવશો. તમારી મદદની અમને હજી ઘણા વખત સુધી જરૂર પડશે."

"હજી છોકરો હસે છે." સાસુએ કહ્યું. "પણ હું જીવી શકું એમ નથી, અને લાંબો વખત ન જીવું તો સારૂં. મારા હૃદયપર એક બોજો છે તેનાથી તું મને છોડવીશ ?"

"બા એ શું છે?" ચુનીએ ગદગદિત કંઠે પુછયું અને આંસુના થરમાંથી સાસુ તર્ફ આંખ ફાડી જોયું.

દેશાણે ઘણા પ્રયત્નથી એક વખત આબાદ અને સર્વને પૂજ્ય એવા કુટુંબને નવા અમલદાર વર્ગ અને નવા કાયદાથી લાગેલો ધોકો, પોતાના ધણીની નિરાશા, તથા અથડાતા અડચણોના મોજા ખાળવામાં તેના મૂર્ખ છોકરાની અશક્તિ કહી સંભળાવી, અને ચુનીને વૃદ્ધ-

દેશાઇની તેમની હયાતી સૂધી સંભાળ લેવાનુ તથા તેના વારસને સર્વ દુઃખમાંથી ડહીપણથી અને સંભાળથી દોરવાનું કહી ગંભિરતાથી અમે આતુરતાથી વાત પૂરી કરી. વૃદ્ધાને આંથી ઘણો શ્રમ થયો! તેના પતિને, છોકરાંને તથા સગાંવ્હાલાંને તાકીદથી અંદર બોલાવ્યા.

સંર્વપર તેણે આશા ભરેલી અને પ્રેમથી ઠરેલી છેલ્લી નજર નાંખી!

"ચુની, ત્હારા સસરા અને ધણીની સંભાળ લેજે!" "વારૂં, એ મારો ધર્મ છે. કુળદેવી, સતી માતા તમને શાંત્તી આપો!" શ્રોતાએ ડચકાં ખાધાં. "હું પુરતી છું. અમારે માટે ફીકર ન રાખો!"

"નારાયણ નારાયણ કહે." વૃદ્ધ દેશાઇએ મુજતે સાદે કહ્યું.

માતૃભકત છોકરાએ મરણ પામતી માનાં મ્હોમાં આચમની ભરી ગંગાજળ રેડયું!

"નારાયણ? નારાયણ" એટલો ઉચ્ચાર કર્યો—દેશાણ માટે મૃત્યુ લોકપર પડદો પડયો અને છોકરાં, સ્ત્રીઓ ને પુરૂષોના શોકધ્વનીથી ગાજતો આત્મા પરલોકમાં ગયો.

પ્રકરણ—૬

કુટુંબ તારક.

દેશાઇ સિવાય કુટુંબના બધા માણસોને દેશાણનું મૃત્યુ શોકદાયક થઇ પડયું હતું, તેતો માત્ર એટલોજ જવાબ દેતા કે " થોડા વખતમાં હું પણ તેની પાછળ જઇશ." ચુનીને આ વિયોગથી ભારે જવાબદારી માથે આવી પડી. બાળ દેશાઇને આ જીંદગીમાં પહેલવહેલો સખત ઘા હતો. આ દુખ, પોતાની મા જેવાંજ ચુની તરફના વારંવારના પ્રેમ, સલાહ અને દિલાસાના ઝરાથી છંટાતું. તેના બાપને માટે પણ તેને દયાભાવ થતો; પણ તે વૃદ્ધ માણસ દરેકની દયાથી વિરકત જણાતા.

તે કહેતાં કે. તેણે તથા નોકરોએ ઘરમાં માત્ર એક માણસની—અને તે મલાજામાં રહેતી ચુનીપર દયા રાખવી. તેની તંદુરસ્તી, તેણે ખાધું કે નહિ અને શું ખાધું વિગેરેની દહાડામાં વીશેક વખત નોકરો મારફતે તપાસ રાખતાં અને દશ બાર વખત છોકરાંને મંગાવી રમાડતાં. તે મને લાગતું હતું કે મારાં દિવસો આવી રહ્યા છે અને ઇશ્વરને ત્યાંના વહેલામાંવહેલે તેડે પોતાની સ્વર્ગવાસી પત્નીની પાસે જવાની તેમની ઇચ્છા હતી. એક દિવસ પોતે સઘલા નોકરો તથા મહેતાઓને બોલાવી પોતાના છોકરાને ભવિષ્યમાં તેમના દેશાઇજી જાણવા, બધા હુકમો તેની પાસેથી તથા દેશાણે પટ્ટાભિષેક કરેલી રાણી પાસેથી મેળવવા કહ્યું; અને હું તો હવે માત્ર બાપાજી તરીકે વ્યવહારથી મુકત રહીશ. નવા દેશાઇ તથા દેશાણુને, પોતાની જીંદગીનું ચિંતામાં બળીદાન આપેલા સતીના વખત પહેલાં ઘણાં લાંબા વખત ઉપર ગુપ્ત રીતે રાખેલું રકમ નાણું, ઝવેર, કિમત્તી કપડાં, બીજા પદાર્થો

અને કુટુંબના ગુપ્ત દસ્તાવેજો, ત્રીજોરીઓ તથા મજુસો મૂકેલા ભોંયરા તથા આડા ભારવટીઆ-માંનાં સન્ચો બતાવ્યા અને કેટલી મહેનત અને સંભાળથી તે ભંડાર એકઠો કર્યો હતો તે દમ્પતિને સમજાવ્યું, અને જેવી રીતે તેમને સોંપ્યું તેવીજ રીતે તેમની સંતત્તિને સોંપવા સુચવ્યું! ત્યાર પછી મુનીમ તેમના શેઠ તથા રાણીની હજૂરીમાં હિસાબ રજુ કરતો. જો કે ચુનીને નિશાળમાં કેળવણી મળી નહોતી, અથવા રીતસર કોઈ વતનનો કારભાર ચલાવવા તેને કેળવી નહોતી, તોપણ તેની કુદરતી બુદ્ધિથી તેને જણાવામાં આવતા મુનીમના આંકડા અને વ્યવહાર થોડા વખતમાં સમજવા લાગી અને બાપાજી દિનપરદિન સમજતા ગયા કે કુટુંબની આબરૂ તથા ઓદ્ધા પુત્રવધુના હાથમાં સલામત રહેશે. વળી એક દિવસ તેમણે પોતાની ધોળી મુછપર હાથ ફેરવી મનને પુછ્યું કે મારે સરકાર સાથે મરણ પહેલાં દાવો બાંધી પોતાંની જાતને સંતોષ કેમ ના આપવો જોઇએ?

દેશાઈજીના હૃદયમાંથી જુનો જુસ્સો જતો રહ્યો હતો તેથી લાંબિપર આધાર રાખતા વિચારનું વિસર્જન થયું. પોતાની જીંદગીના રહેલા થોડા દિવસ પુરાણો સાંભળવામાં તથા પવિત્ર માણસોના કિર્તન સાંભળવામાં અને ચુનીના છોકરાને ખોળામાં રમાડવાંમાં ગાળ્યા. તેમની છેલ્લી માંદગી ઘણોજ થોડો વખત પહોંચી. તેમણે કોઈપણ જાતની દવા લેવાની ના કહી. તે કહેતા કે 'નારાયણ મારી દવા છે,' અને શક્તિને માટે તે ઘરના દેવને નવડાવેલા પવિત્ર ચર્ણામૃતનુ માત્ર આચમન કરતા. પોતાનો અંતકાળ પાસે આવતો લાગ્યો એટલે પુત્રને તથા પુત્રવધુને પાસે બોલાવ્યા અને ખરીરીતે ભોંયરા તથા ત્રીજોરીઓના બીજા ઓરડાઓની કુંચી રાખવાના હક્કદાર વારસ પુત્રની રજાથી કુંચી ચુનીને સોંપી. જયારે ઈશ્વરને ત્યાંથી તેડું આવ્યું ત્યારે તેમણે આનંદથી અન્ધકારમય દુનિઆની રજા લીધી અને તેજોમય પ્રદેશમાં ગયાં !

ત્યાર પછીના તેર દિવસ દેશાઇજીના ઘરમાં બૈરાંઓનું કુટવાનું, બીજી મરણ ક્રીયાઓ કરવાનું, તથા બ્રહ્મભોજન કરાવાનું કામ ચાલ્યું. પશ્ચિમ તર્ફનાને (યુરોપીને) અથવા તો પશ્ચિમ તર્ફના વિચારોથી સંસ્કૃત થયેલા પૂર્વવાસી (હીંદુ)ને પણ આ ક્રીયાઓ ગરીબ માણસોને સાધન રહીત બનાવામાં તથા દેશની નિર્ધનતા અને કરજ વધારવાના માત્ર કારણ રૂપ લાગશે; પણ આનાથી આ દુનિઆમાં બેશક એક બાબત પાર પડે છેઃ શોકીઓને આ કામ કરવાનું હોય છે અને તેથી તેમના હૃદય શોકમુક્ત થાય છે અને જુદા પડેલાની સાથે સંપ કરવામાં આવે છે. જો એમ થતું ન હોયતો શોક પાળવાના સમયમાં તેમને ઘણુંજ સખ્ત દુઃખ થાય.

દેશાઇએ જણાવેલી પોતાની છેલ્લી ઇચ્છા એવી હતી કે સરકારે છીનવી લીધેલા તેમના કુટુંબના હક્ક ત્થા મિલકત્ત ગમેતેમકરીને પણ પાછા મેળવવાં. તેમણે ચુનીને પ્રશંસા પત્રો

તથા દસ્તાવેજોનું એક મોટું પોટલું સોંપ્યું; આમાંના કેટલાકતો તેમને મહાન્ મોગલ અને તેમના પ્રતિનિધીઓ તર્ફથી મળ્યા હતા, તેમને બરાબર તપાસી સરકાર સાથે બાંધેલા દાવામાં ઉપયોગમાં લેવા. આ શીખામણ માન્ય કરવાની અગત્ય હતી. બપોરનો જે વખત ચુની પુરાણો સાંભળવામાં કહાડતી તે હવે પેલા કાગળોનું રહસ્ય જાણવામાં જતો. મુનિમ ચોકમાં બેસીને વાંચતો.અને તે પરસાળમાં પડદા પાછળ બેસી સાંભળતી. તેને બાબતોની કાગળપર નોંધ કરવાની ટેવ નહોતી; પણ જેવી દરેક બીના વંચાતી કે તેના મગજમાં નહીં ભુસાય એવી રીતે લખાઇ જતી. આટલા બધા દસ્તાવેજોની અનુક્રમણિકાસાથેની છાપેલી નકલ તેની પાસે હોયની તેમ તે દરેક બાબત સરખાવી માંહેની જુદાઇ તપાસી, તથા માંહેનું રહસ્ય તારવી શકતી સાસરાએ મોટાં થોથાંમાં ભરેલી પોતાના વતનની બીના તથા તે બાબતની અડચણો બરાબર સમજીને કામ વકીલોને સોંપ્યું. તેઓ દેશાઈ-

જીને ઘર આવ્યા, ચુની તથા મુનિમનું કહેવુ સાંભળ્યું. પરદાનશીન સ્ત્રીની આવી બુદ્ધિ તથા સમજ શક્તિના વખાણ કરી તેમની રીત પ્રમાણે પોતાના અસીલોને 'દૂધ ને દહીમાં પગ રાખીને' કહ્યું કે આ કામ ચલાવવાં જેવું છે; પણ સંભાળથી સમજાવ્યું કે કાયદા હમેશાં અચોક્કસ છે અને અંગ્રેજ સરકારની કચેરીમાં ઘણો વખત કામ ચાલ્યા પછી જે રહસ્ય સમજાય તે કાયદો ગણવામાં આવે છે. ઓછામાં ઓછા વીશ હજાર રૂપીઆ આ કામનો ખર્ચ હતો અને જો હારે તો ઓછામાં ઓછી તેની ચોથાઇ સરકારમાં આપવાની હતી. કેસનો અંત આવતા દશ વર્ષ થાય એમ હતું. ચુનીએ માથું ધુણાવ્યું, અને વિચાર કરવાનો વખત લીધો! તેના મનમાં એક નવો વિચાર આવ્યો. તેમના કુટુંબનો મિત્ર તથા તેમના વિવાહ પ્રસંગે આવેલા કલેક્ટર હમણા રેવેન્યુ કાઉન્સિલર હતા; આ બાબતની પહેલાંની સ્થિતી તપાસવા વકીલોએ દોરેલા તેના ચિત્રથી તેને ફરી વિચારમાં

લઇ લાંબો વખત પહોંચે એવા કેસની બેઉ બાજુની મહેનત તથા ખર્ચ બચાવવા અર્જી કરવા વિચાર થયો. વકીલોએ લાંબો વખત વિચારમાં લેવા જેવી લાંબી અને પુષ્કળ શબ્દોવાળી એક અર્જી ઘડી અને તેનાથી સજ્જ થઇ બાળ દેશાઇ મળવા જવાના અત્યુત્તમ પોશાકમાં કલેક્ટરને બંગલે ગયા.

આ મોટા અમલદારે આવવાનું કારણ પુછયુ તેમણે રેવેન્યુ ઓફીસરોએ કરેલી વતન બાબતની સજા સબંધી ન્યાયની અદાલતમાં દાવો બાંધવાનો વિચાર જણાવ્યો. હસીને સભ્યતાથી નમન કરી કલેકટરે મશ્કરીમાં કહ્યુ કે "તમારા જેવાં હીંમતવાળા જુવાનની આસાહસમાં હું દરેક રીતે ફતેહ ઇચ્છુછુ !" કલેકટરે તેમને બેસવા ખુરસી આપી નહોતી તેથી ઘણા ગુસ્સામાં દેશાઇ પાછા ફર્યાં અને અર્જીનો લખેલો જવાબ મળ્યો એટલે રેવેન્યુ કાઉન્સિલરની રૂબરૂમાં અર્જી કરવા મુંબઇ ગયાં.

ગુજરાતી-અંગ્રેજી જુના વિચારના રાજ્યકર્તા-એ પોતાના જુના દોસ્તદારના છોકરાને ખુરસી આપી હેતથી કુટુંબની ખબરઅંતર પુછી, તેમના કમનસીબમાં દિલસોજી બતાવી; પણ એમ વિચાર્યું કે સર્વ ન્યાય પ્રમાણે થવું જોઇએ. કેસ બાબતમાં માપણી તથા હદ બાંધવાનું કામ મોકુફ રાખ્યું, કારણ તેથી સરકારને નકામા મોટા ખર્ચમાં અને મહેનતમાં ઉતરવું પડે એમ હતું. થોડે અંશે પણ પોતાનો ફેરો સફળ થયો છે એમ સમજી તથા મુખ્યત્વે કરીને આટલા મોટા માણસે તેમને બેસવા ખુરસી આપી હતી તેથી ઘણાં આનંદથી પાછાં ફર્યાં. મોટા ભાગમાં દેશાઇની આવી શીફારસની ખોટી અફવા શહેરમાં બધે ઉડી રહી અને પેલા દેશી ડેપ્યુટીકલેકટરે પોતાનાથી બનતી પેરવાઇથી નમી પડવાનું હરેક રીતે માન આપ્યું. એવી પણ અફવા ચાલતી હતી કે ચુનીએ મોટા અમલદારોની સ્ત્રીઓ સાથે પત્ર વ્યવહાર કર્યાં છે; આથી કથડમંડળી દેશી અમલદારોની સ્ત્રીઓ-

થી અસાધારણ રીતે વધવા લાગી. તેહસીલદારે કેસ બાબતની કીમત્તી ખબરો આપવા વિશ્વાસપાત્ર વચન આપ્યું. દેશાઇએ મુંબઇથી પાછા ફર્યાં પછી તેને માટે સારો અભિપ્રાય બાંધ્યો. કેસ ચલાવવાને, હાલમાં જંગલી ગણાતા પણ દુકાળ જેવી મોટી આફતોમાં ઉપયોગી થઇ પડતા ભોંયરામાંથી, કેટલાક જવાહીરો વેચી અને શાહુકારોને ત્યાંથી બીજા નાણાં કાઢી હલેસાં તરીકે કેટલાક વકીલોને તેમની રાજી ખુશીથી કામે લગાડી આ કેસનું વહાણ હંકાર્યું! આ કંટાળા ભરેલું કામ જે ન્યાયાધીશ પાસે શરૂ થયું હતું તેણે તો દેશાઇની વિરૂદ્ધ ફેંસલો આપ્યો; પણ બીજા બે મોટા ન્યાયમંદિરો—કલકત્તા અને ઇંગ્લાડની અદાલતો—માં રમત રમવામાં દેશાઇનો પાસો સવળો પડયો અને આખરે દેશાઇની જીત થઇ. શહેરમાં સાકર વહેંચી, શહેરના મંદિરોમાં રૂદ્રિ, અભિષેકો તથા જપો કરાવ્યા, બ્રાહ્મણો જમાડયા, અને આ કામની ફતેહ માટે રાખેલી ચુનીની બધી બાધાઓ

વખતસર મૂકાઈ! જે દિવસે કયસરેહિન્દ મહારાણી શ્રી વિક્ટોરિયાએ કાઉન્સિલમાં આપેલો ન્યાય હિંદમાં ખબર પડયો તે દિવસ આ કુટુંબના ઇતિહાસમાં એક શુભ અવસર હતો.

પ્રકરણ—૭

વૈરાગ્ય.

દેશાઇ બરાબર સુખી નથી એમ ધારવાનું ચુનીને શું કારણ હતું ? તેની સ્થિતીનો માણસ જે મેળવવા ઇચ્છે તે સર્વે મેલવી શકવાની એનામાં શક્તિ હતી.

" પણ– " ચુનીએ વિચાર આવતાં પોતાને ઠપકો દીધો, " તે પુત્ર વગરના—સંતાન વગરના છે." વીશેક વર્ષના તેમના સંસારિક જીવનમાં તેમને દશેક છોકરાં થયાં હતાં, પણ હાલ તેમાંનું એકે હયાત નહતું, પોતાની પહેલી બૈરીને છોકરૂં ન થાય અથવા તો બધી છોકરીઓજ થાય તો બીજી બૈરી પરણતાં કેટલીક

ન્યાતનાઓનુ હૈયુ દુભાતુ નહીં. આના માઠા પરિણામોને લીધે ચુનીની ન્યાતમાં આવો રિવાજ નહોતો, અને પહેલાં તો પોતાનાં કુટુંબમાં આ રિવાજ દાખલ કરવાનું કહેતાં ખંચકાઈ. તેણે વિચાર્યું કે મારાં ધણીના ફરી પરણવામાં મારૂં સુખ તથા ઓદ્ધો સારી રીતે જળવાઇ રહે એમ છે, કારણ તે દેશાઇ તથા આખા કુટુંબના સુખેજં પોતાને સુખી સમજતી હતી. શું તેના વિવાહને દિવસે તેની સાસુજીએ તેમને પોતે જેવી વહુ મલી હતી તેવીજ વહુ મળવાનો આશિર્વાદ દીધો નહતો ? દેશાંઇનો નજદીકનો વારસ તેમની બ્હેનનો છોકરો હતો અને સરકાર તેને કબુલ કરશે કે નહિ તેનો મોટો સંદેહ હતો ! હજી સુધી દેશાઇજીને આવા વિચાર આવ્યા નહતા પણ એક દિવસ જરૂરજ તેને વિચાર આવત અને તેને ઘણું દુઃખ થાત, વંશનીવૃદ્ધિ કરવાને દેશાઇએ ફરી પરણવું જોઇએ !

જ્યારે તેણે દેશાઇને આ વાત કહી ત્યારે

તે હસી પડયા અને કહ્યું કે “ મને લાંબો વખત થયાં છોડાવી દીધેલો ઝેરરૂપ દારૂ બારૂતો તેં નથી પીધો ને ?” પણ એની આવી ગંભીરતા નજીવી વાતોથી દુર થાય તેમ નહતું. કુટુંબની સઘળી વાત યથાસ્થિત તેણે તેને સમજાવી અને સમજી કે મારૂં કહેવું યથાર્થ છે. કાયદા અને રિવાજ સરખી રીતે આ દરખાસ્ત વિરૂદ્ધ છે એમ કહી તેના સ્વપ્ના ભુલી જવા ઊંઘવાની સલાહ આપી.

થોડો વખત તેણે ચુપ રહી ન્યાતના સમજુ માણસોની સલાહ લીધી પણ તેમણે આવી ઊંચ અને આબરૂદાર બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિને તથા કોઇ પણ કુટુંબનું સુખ જાળવવા અયોગ્ય એવી બાબતના લાભમાં હા ભણી મોટી જવાબદારી માથે હોરવાની ના કહી !

વકીલોએ એવી સલાહ આપી કે હિંદુ કાયદા પ્રમાણે એક કરતા વધારે સ્ત્રી પરણી શકાય; પણ રિવાજ આગળ કાયદા નકામા છે અને

કેસમાં આપેલી સાક્ષીપરથી બ્રહ્મક્ષત્રિય જ્ઞાતીના રિવાજ તારવી શકાય !

ઘેરના શાસ્ત્રીએ ઘણો સંતોષકારક જવાબ આપ્યો. તેણે કહ્યું કે જ્યાં સુધી વારસ પુત્ર જન્મે ત્યાં સૂધી બીજી સ્ત્રી પરણવા કરતાં તમારી બીજી એકે ઉત્તમ ફર્જ નથી. મનુ મહારાજે ચોખ્ખી રીતે કહ્યું છે કે "પુત્ર વિના મરી જતો પિતા પૂત નર્કને વિષે પડે છે," વલી કોઇએ સૂક્ષ્મ બુદ્ધિથી એવું સમજાવ્યું કે,સ્વર્ગનર્ક આ લોકમાંજ છે તેથી તે દુઃખે સડતો પૂત નર્ક જેવી યાતના આ લોકમાંજ ભોગવે છે. જે કાર્ય શાસ્ત્રી યોગ્ય કહે છે તેને માટે કોઇ પણ જ્ઞાતી શિક્ષા કરવા સમર્થ છે કે ? કોઇપણ સરકાર મનુનું વચન ખોટું ઠરાવી શકે નહિ. શાસ્ત્રમાં વલી એવું કહ્યું છે કે કેટલીક બાબતમાં પતિવૃતા સ્ત્રીએ તેની મા અથવા તેની બ્હેનની માફક પતિનું ભલું ચહાવાનું છે; આવા આધારો મેળવી ચુનીએ ફરી પરણવાની આજ્ઞા ઉપર સંભાષણ કર્યું આવા આજ્ઞારૂપમાં તે તેના

પતિસાથે કદી બોલી નહોતી, તેથી દેશાઇ તેના આ નવા વર્તનથી અચંબો પામ્યા ! તેણે હસવાનું ડોળ કરી તેને આઘીખસેડવા પ્રયત્ન કર્યો પણ ચુનીના વિચાર આવી નજીવી બાબતોથી બદલાયુ એમ નહોતું. તેણે ક્યારનીએ છોકરી શોધી ફ્હાડી વિવાહનું નક્કી કર્યું હતું!

"વ્હાલી," પોતાની સ્થિતી વિચારતાં દેશાઇએ આખરે કહ્યું "મારાં જીવની સંભાળ લેવાનું મ્હારે માથે રાખવાને બદલે જ્યારે તને સોપ્યું ત્યારે હું એમ નહોતો જાણતો કે તું મને બીજીના હાથમાં ફસાવશે."

"આપણે બધા સતીમાતાને ખોળેછીએ!" ચુનીએ હસતાં કહ્યું, "ગ્રહમાં મારી ટુંકી જીંદગી લખેલી છે માટે મારાં વ્હાલા તમે તમારી સંભાળ લેવા કોઇ બીજાના સાથીથાવ તો સારૂં !"

"ગ્રહ જુઠા છે!" દેશાઇ બોલી ઉઠયા!

" પણ હું નથી તો !" ચુનીએ શાંતતાથી જવાબ આપ્યો.

"ત્યારેતો તું સતીમાતા અને ગ્રહોથી ગાંડી થઇ ગઇ હશે ! – નહિ વારૂ? તું દુરાગ્રહી થઈ છે અને તેથી મારો તથા તારો પોતાનો ખરો સ્વાર્થ સમજતી નથી." દેશાઇએ અધિરાઇથી કહ્યું

" સ્વામીનાથ તમે નકામા ગુસ્સે થયા છો !" ચુનીએ ઉત્તરમાં ઠપકો દીધો. " મ્હારો સ્વાર્થ સમજવાનું કામ મારૂં છે સતીમાતા તમને સદ્‌બુદ્ધિ આપો!"

" મારી સમજ શક્તિ હમેશાં ઓછી છે." દેશાઇએ ઉત્તરમાં કહ્યું અને વાતનો વિષય બદલાયો. ચુનીએ પોતાની બાબતમાં આગ્રહજ રાખ્યો. કુટુંબના પુરૂષ વારસના અભાવથી તેમને તથા કુટુંબને થતાં દુઃખની અસર તેમના મગજપર કરવાની એકે તક જવા દીધી નહી.

એકપણ દિવસ તે ફરીલગ્નકરવાની વાત કહા-ડયા વગર રહેતી નહિં અને ફરીપૂરી તેની તે વાત કહેવાથી તે વિચાર દેશાઇના મનમાં એટલો તો દૃઢ થયો કે આખરે તે, માબાપની સંપૂર્ણ સત્તા હેઠલ કોઇ હિંદુ છોકરાની માફક ચુની તેને માટે જે કાંઇ પણ પોતાની ઇચ્છાથી ગોઠવણ કરતી, તેને તાબે થતાં. ચુનીએ પોતેજ નવીવહુ પસંદ કરી. તેઓ એકમેકને ચ્હાતાં અને મોટીએ ન્હાની વહુને સાસુ અને વહુ હોય તે માફક અથવા તો બન્ને બ્હેન હોય તેમ કેળવી અને તેની સંભાળ લીધી. નવી વહુના હાથમાં એક પછી એક ફરજો મોટી વહુએ છોડી દીધી, અને પછી ચુની સંસારિક કામકાજ થી વિરક્ત વૈરાગી થઇ ગઇ !

પ્રકરણ-૮.

પરમ્પદની પ્રાપ્તિ!

ઘણી સ્ત્રીઓવાલા પુરૂષો ન્યાય અથવા તેમ્ વ્હાલને પ્રાધાન્ય ગણી રાત્રીઓ વહેંચી નાંખેછે; એમ છતાં ચુનીનો વિચાર તો સંસાર વ્યવહારથી વિરકત થવાનો હતો તેથી માત્ર પરસાળમાંજ દિવસમાં ત્રણ વખત મળવા દેશાઇજીને વિનંતિ કરી.

તેના કૈલાસવાસી માજી—સાસુ—ની માફક ચુની હવે ચોકમાં અથવા તો પરસાળમાં બેસી રહેતી. તેણે શય્યા અને બીજા વિષયભોગોનો ત્યાગ કર્યો હતો. તેથી તે ભોંયપરજ સૂતી. સાત્વિક ભોજન કરતી અને સાદાં વસ્ત્ર પહેરતી. હૃદયમાં (સંગતને લીધે) દુર્ગુણનો પાસબેઠે

લો હતો છતાં પણ દેશાઇ ઉદાર દિલના હતાં; આથી તેમની વ્હાલી ચુની શરીરને જે કષ્ટ આપતી તેથી તેમનું દિલ ઘણું દુખાતું. તે દિન પરદિન ગળાતી જતી, તેને માટે તેને ઠપકો દીધો ને વિનંતી કરી, ગભરાવી ને હસી કહાડી, અને તેના રીતરિવાજ માટે વાંધો લીધો; પણ ચુનીને પોતાનો માર્ગ ખબર હતો અને દેશાઇજીને પણ કેમ સુખી કરવા તે તે સારી પેઠે જાણતી હતી.

નવીવહુ ચુની કરતાં કંઇ જુદાજ પ્રકારના સ્વભાવની હતી. તેનો સર્વ રીતનો સ્વાર્થત્યાગ છતાં પણ ચુનીપર તેને અદેખાઇ આવતી; કારણ દેશાઇજી તેને માન આપતા, ઘરની અગત્યની બાબતોમાં તેની સલાહ પુછતાં અને તેના તર્ફ નમ્રતા અને પ્રેમ રાખતા. નાનીદેશાણે પોતાની શોક્ય (ચુની) સબંધી તેના પતિના કાન ભંભેર્યા કે નહીં તેની અમને કાંઇ ખબર નથી પણ પાડાપડોસમાં એવી વાત ચર્ચાઇ કે

તે ચુની અને દેશાઇ વચ્ચે કલહ કરાવાના કારણ રૂપ છે.

વખત વીતતાં નિયમીત્ત અને વખતસરની દેશાઇજીની મુલાકાતમાં પણ ભંગાણ પડ્યું. પોતાને સાસરે આવ્યા પછી રોજ પતિનું દર્શન કરી તેનો જમવાનો નિયમ હતો, પણ હમણાં તેની મુલાકાત્તના અભાવે તેને ઉપવાસોપર ઉપવાસો કરવા પડતાં હતાં. પોતાની નવી શેઠાણીના ગુસ્સેથવાની બીકથી દેશાઇજીને આ વાતની ખબરકરવા કોઇની પણ હીંમત ચાલી નહીં.

ઘર વ્યવહાર તથા વતનવજીફાની લગામ અને સત્તા ધીરેધીરે નવીવહુના હાથમાં આવી. પોતાના બાપે ચુનીને સોંપેલી કુંચીઓ એક દિવસ દેશાઇજીએ મંગાવી અને પાછી મોકલીજ નહીં. કેટલાક દિવસ પછી નાનીદેશાણની કેડે લટકતો કુંચીઓનો જુમખો, મદમાં ઝુકતી તેની નવી શેઠાણી પાસે ખખડતો અને ઓળખાતો જણાયો.

ચુનીએ પોતાના વસ્ત્ર ઘસાઇ અને ફાટી જવાથી પોતાના પતિની પસંદગીના નવાં વસ્ત્રો કરાવવાનું કહ્યું.

મુનિમે ત્યાંથી આવી કહ્યું કે, "શેઠ ઘણાં કામમાં છે તેથી તમારી મરજી મુજબ કપડાં શીવડાવવાનું કહ્યું છે."

આવું વર્તન તેમના (દેશાઇજીના) સ્વભાવથી વિરૂદ્ધ હતું તેથી ચુનીને મનમાં ઘણુ માઠું લાગ્યું, પણ ધીરજવાન તે ધર્મ પત્નીએ મનવાળી સુખદુ:ખથી વિરક્ત એવું હાસ્ય કર્યું! હલકી કોમની સૌભાગ્યવંતી સ્ત્રીઓ પહેરે છે તેવી કેટલીક છાયલો મંગાવી, તેની દયા ખાતા નોકરચાકર સર્વના આશ્ચર્ય સાથે તે પહેરવામાં સંતોષ અને સર્વ સુખ માનવા લાગી ત્યારપછી દેશાઈ તેને મળ્યા ત્યારે તેના શરીર-પર છાયલવસ્ત્રો દીઠાં પણ આ ફેરફાર તેમના લક્ષમાં આવ્યો હોય એમ જણાયું નહીં.

ઠંડાં પાણીએ તે સ્નાન કરતી, પોતાનું પાણી

વાડીના કુવામાંથી તે હાથે કુહાડતી, થોડુ જમતી તથા થોડું ઉંઘતી. તેનો ઘણો વખત જપ તથા ધ્યાનમાં, દેવ સેવામાં, સ્તોત્રોનું ગાન કરવામાં, અને ધર્મ સબંધી પુસ્તકો વાંચી તેનું મનન કરવામાં જતો.

પડોશમાં ચુનીનીજ વાતો થતી. કેટલાક તેના વખાણ કરતા અને કેટલાંક તેની દયા ખાતાં અને સર્વે નાનીદેશાણની નિંદા કરતા સતીનો ત્યાગ કર્યો તે માટે દેશાઇને તેના મિત્રોએ ઠપકો દીધો, અને તેને હૃદયવિહીન ઢોરની ઉપમા આપી. આ જંગલી શબ્દરૂપી ચાબુકથી દેશાઇ અજ્ઞાનરૂપી ઊંઘમાંથી જાગ્યા. તેમનામાં હૃદયવિહીનતા કરતાં વિચારરહીતતાનો ભાગ વિશેષ હતો. તે એકદમ પરસાળમાં ગયા; પણ એકાંત અને ત્યજેલા તે ભુવનની ધણીઆણી હમણાં પાછળની વાડીમાં ગઇ હતી અને ત્યાં પીપળાની પુજા કરતી હતી.

નંખાઇ ગયેલી, હલકા કપડા પહેરેલી અને

ગંભીરતાથી પણ ખુલ્લી રીતે જણાતા દુઃખ અને યત્નથી પીપળાની પ્રદક્ષિણા કરતી આકૃતિ તર્ફ દેશાઇ, બારીએથી તાકીને જોતાં ઉભાં રહ્યા. ઉદારદિલમાં સર્વત્ર પશ્ચાતાપ વ્યાપી રહ્યો અને નોકરો વીગેરે પાસે ઉભા હતાં તે સર્વ ભુલી જઈ દેશાઇ ચુની તર્ફ દોડ્યા, અને કોટે વળગી પડી એક બાળકની માફક રડી પડ્યાં.

"સ્વામિનાથ, કેમ શું છે?" ઘણી આતુરતાથી પ્રશ્ન કરી સતીએ તેમને બેસીજવા વિનંતિ કરી.

" રંગમ્હેલમાં મ્હારી આંખને ઠારનારી વ્હાલી તે આજ !– અને મેંજ આ સર્વ દુઃખ ત્હારે માથે નાંખ્યું !" દુઃખી પુરૂષ બોલી ઉઠયો !

"આજ આટલા બધા શોકનું કારણ છે ?" પ્રાતેપ્રાણપ્રિ સ્ત્રીએ સ્મિત હાસ્ય કરી કહ્યું, "સ્વામીનાથ, હું દુઃખી છું એમ ધારવાનું શું

કારણ છે? હું સુખી નથી તેમજ દુઃખી નથી! ભોજનથી હું પ્રસન્નથતી નથી! તેમજ ઉપવાસથી મને દુઃખથતું નથી. કિમતી લુગડાંલત્તાં અને ઘરેણાંથી મારા સૌંદર્યમાં વધારો થતો નથી, તેમજ હલકા લુગડાથી મારૂં મન કોંઇ નીચ થતું નથી! સૌંદર્ય અને કદ્રુપાઇ, તંદુરસ્તી અને વ્યાધી એ શું છે? સ્વામિનાથ આપમાંજ મારા પ્રભુ બિરાજે છે, વળી આ પિપળામાં પણ પ્રભુ રહેલા છે. આ પવિત્ર ઝાડ હેઠળ મારો રંગમ્હેલ છે અને પાંદડાઓના પવન સાથ અથડાવાથી થતો અવાજ આનંદભુવનની વાતો જેવો મધુર લાગે છે."

પોતાની સ્રીની આ દૈવિઅંશરૂપ તત્ત્વજ્ઞાનની વાત સાંભળી તેની પ્રશંસાકરવાની ઇચ્છા થઇ. પણ આ પ્રાપંચિક દુનિયાના વિચારો ત્યજી ઉંચેજવું (ઉંચ્ચ વિચારોકરવા) તેમને પસંદ નહોતું અને તે ગમે તેવી પણ તેમની સ્રી હતી!

"ચુની, ચુની!" ખુશી જણાવવાનો યત્ન કરતાં તેમણે કહ્યું, "ભગવદ્ગીતાએજ તને બગાડી છે!" તે કાંઇ વધારે કહેત પણ ભયભીત થયેલી ચુનીએ તેમના હોઠપર આંગળી દાબી પવિત્ર પિપળાનાઝાડ હેઠળ આવું ધર્મભ્રષ્ટ વાકય બોલતાં વાર્યાં. એક બાબતથી દેશાઇજીને સંતોષ થયો, કારણ પોતાનું ગમે તેવું પણ વર્તન હોવા છતાં તેના ભોગરૂપ ચુનીને કોઇપણ રીતે માઠું લાગતું નહીં.

આ વાતને થોડા દિવસ થયાં ને નવીવહુએ એક પુત્રને જન્મઆપ્યો. જન્મોત્રી બનાવડાવી અને તે પ્રમાણે દેશાઇ કુલના વારસની લાંબી અને સુખી જીંદગીનું ભવિષ્ય જોશીઓએ ભાખ્યું. આ વખતે ચુની કરતાં વધારે કોઇને પણ હર્ષથયો નહીં. તેણે ફરીથી વસ્ત્રાલંકાર ધારણ કર્યાં અને બપોરના ક્ષણેક્ષણે આવતાં સબંધીઓ તથાં પરિચીતજનોને આદરસત્કાર આપ-

વામાં રોકાઇ; તેથી ઘરમાં ગોકુલ અષ્ટમીના નંદઘર જેવો—

"'દેશાઈ' ઘર આનંદ ભયો, જય 'દેશાઇ' લાલકી,
"છોટે છોટેકું હાથી ઘોડે, બુઢે બુઢેકું પાલખી."

આનંદ આનંદ થઇ રહ્યો,* પણ તેનો શ્રમ અગ્નિ જે તેને બાળતો હતો તે વધારે પ્રજવલિત થઇ પોતાનું કામ બહુ ઝડપથી કરવા લાગ્યો. ફરી પાછા નહીં ઉઠવાની પથારીવશ્યતા તે થઇ પડી!

---

* આ બનાવ ખરીરીતે બનેલો નથી. નવીવહુને છોકરો થતોજ નથી; પણ સતીનો સ્વાર્થ ત્યાગ, પતિના સુખેસુખી અને દુખેદુ:ખી એ તેનો ગુણ અને સર્વપર સમભાવ રાખવાનો સ્વભાવ એટલું બનાવવા આ કલ્પિત બનાવ સાક્ષરશ્રીએ માહેં ચિતર્યો છે. એ સિવાય બીજે ઘણે સ્થળે વાર્તાને રસમય બનાવવા ઉમેરેલા બનાવો કુટુંબના ઈતિહાસથી માહીત વાંચકને જડશે.—અનુવાદક.

સર્વને વ્હાલી સતીના છેલ્લાદર્શનકરવા દેશવિદેશથી સબંધી અને પરિચીતજનો આવ્યા. સતીશ્રીનો જીવનપ્રવાહ ઓસરતો જતો હતો તે વખતે, અણધાર્યો એક સાધુ ઓરડામાં દાખલ થયો. તેણે રોગીના કાનમાં થોડાક શબ્દો કહ્યાં. અને ત્વરાથી અદૃશ્ય થઇ ગયો ! ચુની હમણા ધ્યાનવશ્ય થઇ હતી ! તેની આંખો બંધ હતી ને હોઠોપર સ્મિત ફરકતું! થોડાક ભાગ્યા તૂટા શબ્દો બોલતી સંભળાઈ!

"વૈકુઠના પાર્ષદો તેજોમય છે—ત્યાંના મધુરઘંટનાદો – સુંદર વિમાન—સતીમાતાએ મને આ સુખ આપ્યું તે હું કેવી પુણ્યશાળી?– સ્વામિનાથ આપને છેલ્લા પ્રણામ?– પુત્ર! ન્હાના દેશાઇ છેલ્લા પ્રણામ?—સર્વને છેલ્લા પ્રણામ!–– કોઇને કોઇ દિવસ દુભવ્યા હોય તો તેની ક્ષમા!– હા, હું તૈયાર છું !"


છેલી એક વાર શાંત સ્મિતથી તેનું મ્હોં

મલક્યું, તેની સાથે એકજ હેડકી આવી અને તેની સાથે પ્રાણ શાંતથયાં!

*　　　*　　　*　　　*

ત્યાર પછી લાંબો વખત થયાં એમ માનવામાંઆવેછે કે વિષ્ણુભગવાને પોતે સાધુનાં રૂપમાં ચુનીને દર્શન દઇ તેના અંતસમયની ખબર આપી હતી; વૈકુંઠમાં આણવા લક્ષ્મિએ વિમાન મોકલ્યું હતું અને કેટલાક લોકોએ કાનોકાન પાર્ષદોનો ઘંટનાદ સાંભળ્યોહતો; અને વાદળાં જયાં એકઠા થાય છે, નક્ષત્રો ઝળકે છે, અને આત્મા પરમાત્મસ્વરૂપમાં મળે છે તે પ્રદેશમાં સતીને લઇ જતું વિમાન જોતું હતું!

॥ ॐ शांतिः शांतिः शांतिः ॥



કથાનોસાર અને ઉપસંહાર.

'વિણા વૃદ્ધ નાવિકની, કરે મૃદુ મધુરો નાદ,
'તેના નાદના આકર્ષણે, વા મૃદુ શીતળ વાય;
'પોષે તેમન: શરીર, જેથી તરાય સંસાર અબ્ધિ;[1]
'અભેદ,[2] નર્મદ ને ચંદ્ર,[3] એ ત્રણે છે બાષ્પનાવ.[4]
'ચાલેછે ત્વરાથી તે, ફરે વિવિધ સરિતામાં"

'જ્ઞાનપ્રદેશ' (શ્રી અવલોકન).

આ અખિલ વિશ્વના દરેક પદાર્થમાંથી વિચારવંત મનુષ્ય જ્ઞાન સંપાદન કરી શકે છે. તે પોથીજ્ઞાન નથી, પણ આંતર્જ્ઞાન છે, જેના વડે આત્માનંદનો અનુભવ થાય છે; તેથી આ અનંત જ્ઞાન પ્રદેશ અખીલ વિશ્વમાં વ્યાપેલો પ્રતીત થાય છે, અને જ્ઞાન પ્રાપ્ત કરવાને અભ્યાસ સમુદ્રના પ્રવાસની જરૂર છે. આપણો અભ્યાસ જન્મથીજ

---

૧. સમુદ્ર. ૨. પ્રો. મણીલાલ નભુભાઈ દ્વીવેદીના લખાણો. ૩. સરસ્વતીચંદ્ર. ૪ આગબોટ.

શરૂ થાય છે. પણ ઘરમાં જે જ્ઞાન મળે છે તે અનુભવ જ્ઞાન છે તથાપિ તેને દૃઢ કરવા પુસ્તક જ્ઞાનની જરૂર છે. બાલ્યજ્ઞાન જેનાવડે હૃદય કેળવાય છે તે ખરીરીતે શાળામાંજ મળવું શરૂ થાયછે. તેજ આપણે જ્ઞાનપ્રદેશનો પ્રવાસકરવાની સુગમતા તથા રીતરિવાજ જાણવાનું જ્ઞાન આપનાર છે. આથી જાણે અભ્યાસ સમુદ્રને એકઆરે શાળાઓરૂપીબંદરો ને બીજેઆરે અભ્યાસ પૂર્ણથતાં પ્રાપ્તથતો બ્રહ્મલોક—આત્મજ્ઞાનસાધકને આંતરઆનંદ અનંત તેજોમય સહજ ભાસતો જણાય છે. આટલેથીજ કલ્પના વિરામતી નથી, પણ તે પોતાના પ્રદેશમાં પાંખો ફફડાવતી આગળ ઉડે છે. અભ્યાસ સમુદ્રમાંથી વૃદ્ધપ્રવાસી (અનુભવી વિદ્વાનો) એ ખેંચી કહાડેલા વિવિધ વિષયોનાતત્ત્વરૂપ તળાવ સમૂહ દૃષ્ટિએ પડે છે. સમુદ્રમાંથી જ નીકળતી અને અંતે તેનેજ મળતી મંદમંદ ધ્વનીકરતી વિવિધ વિષયોરૂપી સરિતાઓ દૃષ્ટિગોચર થાયછે. આ પ્રદેશના જળમાં વિવિધ ગ્રન્થકારોરૂપી નાવિકોએ રચેલી બહુએક નાવો પ્રવાસીઓને પ્રવાસકરાવતી જણાય છે! અંદર તર્ફ દ્રષ્ટિપડેછે—અને ,આપણા દેશમાં તો તે સર્વ વિ-

વિધ ભાષાઓરૂપી બાંધણીના ઘરોથી રચાયલા અને કંઈ વર્ગો (Classes) રૂપી ભુવનોવાળા જણાય છે. પણ સહજ વિચારતા તેના ત્રણ પ્રકારજ હોય એમ દિસે છે, માતૃભાષાશાળા, રાજ્યભાષાની લઘુશાળા, અને મહા-વિદ્યામંદિર. દરેક વર્ગરૂપી ભુવને રહેલા શિક્ષકો પ્રદેશના અગવા—રાહદારી છે. વયે અથવા તો બુદ્ધિએ બાળક વિદ્યાર્થીને મંગળાચરણ—શરૂઆત—માં આખા પ્રદેશનું ચિત્રં સૂક્ષ્મ રીતે પાડતા શીખવે છે અર્થાત્ મૂળાક્ષર બતાવે છે. તેને ક્રમેકરી બંદરોના વિ-વિધ વર્ગોમાં ફેરવી ત્યાંથી વિષયસરિતાઓમાં પોતે સાથે રહી ફેરવે છે. પ્રથમતો બાળક પ્રવાસીને પ્રવાસમાં કંઇ આનંદ પ્રતીત થતો નથી અર્થાત્ શિક્ષકના દોરવા પ્રમાણે આગળ વધ્યો જાય છે. ત્યાંની ગ્રન્થોરૂપી નાવમાં બેસતાં (વાંચતા) માહેંના સુશબ્દો કોઇ ગાનકરતી વિણા (Phonograph) ના સ્વર જેવા લાગે છે એ-જ ગાનમાં જો પ્રવાસી લીન થયો તો અર્થાત્ તેને શોખ લાગ્યો તો તે ક્રમેકરી બંદરેથી પ્રવાસ કરતો અ-થવા જાતે પ્રવાસ કરવા (પુસ્તકો વાંચવા) ની હામ

(સમજશકિત) આવ્યાથી તે આગળ વધ્યો જાયછે.*

હે પ્રિય વાંચક, આવા જ્ઞાનપ્રદેશના એક ઉદ્ધના-વિકે રચેલા 'ચંદ્ર' નાવમાં તારો નિર્ણીત પ્રવાસ હવે પૂર્ણ થયો– અતિત્વરાથી તું નાવવડે નીતિ, વૈરાગ્ય અને ધર્મ સરિતાઓનું ઉલંઘનકરી તેમના સંગમરૂપ અનંત સમુદ્રમાં આવી પહોચ્યો–[1] માત્ર રાગ (ભાષા) બદલી ઉતારેલા સદ્બોધના પદોનું ગાનકરતી આ વિણા બંધ થઇ! પણ વાંચક ક્ષણ એક વિરામ—અકળામા! એમ કહે નહી કે જ્ઞાનપ્રદેશતો કાંઇ દૃષ્ટિએ પડતો નથી, બ્રહ્મલોકનું કંઈ ભાન થતું નથી, આત્માનંદ અણુમાત્ર પણ પ્રતીત થતો નથી. આ આગગાડી અથવા તો આગબોટ જેવું મનુષ્યે રચેલું વાહન નથી! પ્રદેશ પણ આપણા જેવો નથી! તેની વિણાનુંગાન કોઇ માનુષી-પ્રેમ અથવા તો વૈભવ સબંધીનું ગાન નથી. સર્વ માનુષી નથી પણ દૈવિ છે. માનુષીપ્રવાસ ઉંઘતે અને

---

* જુઓ શ્રી અવલોકનમાં અનુવાદકનો 'જ્ઞાનપ્રદેશ' સં૦ ૩–૪. (૧૯૦૩). ૧ સરસ્વતીચંદ્ર, અહીં આ લેખકના સર્વ લેખોરૂપી જ્ઞાનદિપક.

ભટકતે ચિન્તે આયછે, પણ આમાં તો ચર્મચક્ષુ અને ચિન્ત એકાગ્રરાખવાની જરૂર છે. અંતસૂધી જો તું તન્મય રહ્યો હોઇશ તો પ્રસંગેપ્રસંગે તારા હૃદયમાં આંતરાનંદ, નમ્રતા તથા અનુભવના ડાંક (ચિન્હ) પડ્યા હશે. આ પ્રદેશના દરેક નાવમાં પ્રવાસ કરતા સાંભળેલા ગાનના સદ્બોધનું મનન કરવા ખાસ જરૂર છે; આથી તારી આંખને લાગેલાં અજ્ઞાનના પડળ ખુલીજશે, કોઇ અદ્ભૂત આનંદ વાયુ અંજન રૂપે ધીરેધીરે તારા જ્ઞાન ચક્ષુનું તેજ વધારશે! તેં સાંભળેલા આ પુસ્તકમાંના સદ્બોધના પદોનું (વચનનું) ફરીથી સ્મરણ કરૂ! સ્વસ્થથા, આપણે ફરી તેમનું અવલોકન કરી માહેથી નીકળતું કાંઇ તત્વ ખોળીએ! તારી હૃદયભૂમીમાં વાર્તાનું સર્વચિત્ર ફરીથી ખડુંકર ને તેનો સાર વિચાર અને કૃહેવા લાયક અમારી વાત સાંભળ !

પ્રકરણ—૧.

વાર્તાની રંગભૂમીનો પડદો ખુલે છે ને સૂત્રધાર (ગ્રન્થકાર) મંગળાચરણમાં વાર્તા પ્રસંગના ભૂતકાળમાંવલી કુટુંબનો ભૂતકાળ જણાવે છે. પૂર્વે સતી થયેલી

દેશાઇવંશજા સતી ને ચુનીસતીને સરખાવે છે. સૂત્રધારે કરેલી નાન્દી કરતાં વળી જુદાજ પ્રકારની એક દંતકથા બ્રહ્મક્ષત્રિય જ્ઞાતિમાં પ્રચલિત છે, તે અગત્યની ધારી અત્રે ઉતારીએ છીએ. વાર્તાની નાયિકાના પતિ શ્રી કલ્યાણરાયજીના દાદી સતી થયેલા છે. તે નિત્ય શહેરમાં નર્મદા નદીના દશાશ્વમેધના ઓવારે સ્નાન કરવા જતાં. એક દિવસ શરીરના આંતરડા બ્હાર કાઢી ધોતા એક સાધુને તે જુવેછે અને આશ્ચર્ય પામી તેને નમન કરેછે. સાધુએ કંઇપણ ઓળખ કર્યા વિના પુછ્યું, "તું આટલા ધનાઢ્યની સ્ત્રી આટલે દૂર કેમ નહાવા આવે છે?" "સદ્ક્રિયા કરવાની તથા ધર્મમાર્ગે ચાલવાની રંક તથા રાય સર્વેની એક સરખી ફર્જ છે." એવો ઉત્તર દઇ બીજી કેટલીક જ્ઞાનની વાત કરી. સાધુએ આ પરથી પ્રસન્ન થઇ કહ્યું કે, "કાંઇ જરૂર પડે તો મને મળજો. મારી અહીંઆજ સ્થિતી છે." થોડા દિવસ પછી દેશાઇ માંદા પડી એકાએક ગુજરી જાયછે, એટલે દેશાણ તુર્ત પેલા સાધુ પાસે જઇ સર્વ વાત વિદીત કરેછે ત્યારે સાધુ કહેછે કે, "જો તમે તમારૂ અર્દ્ધ આયુષ્ય તેને આપો તો તે દશવર્ષ વધુ જીવશે. જાવ, એવું મારૂં

વચન છે." દેશાણ઼ ઘર જઈ મૃત દેશાઈના હાથમાં અ-ડધા આયુષ્યનું જળ મૂકેછે અને તેથી 'બીજા દશવર્ષ તે જીવેછે. ફરી દશવર્ષ પછી મરણ પામે છે અને સા-ધુને દેશાણ઼ જઇ મળે છે અને કહેછે કે, " ગુરૂમ્હારાજ, મને ર્હાયતો સતીથવાની શક્તિ આપો અથવા તો મારા પતિને જીવતા કરો." ગુરૂ કહેછે કે, " ફરી જીવતા થાય એમ નથી. પણ જા, તને સતી થવાની શક્તિ આપુ છું." આશિર્વાદથી થયેલા સતી રસ્તામાં નાળી-એર તથા કંકુ કહાડતા અને નમન કરતા અને નાચતાં લોકોને આશિર્વાદ દેતાં પાછા ફરે છે અને નદીને સામે પાર જવા હોડી તૈયાર કરવા કહેછે. સરકાર તર્ફથી સ-તી થવાનું મના કરવામાં આવ્યુ હતું અને તેથી હોડી આપવા સરકાર તર્ફથી ઘાટના ઇજારદારોને મના કરી, પણ સતીમાં સર્વત્ર દૈવિઅંશ વ્યાપેલો હતો, તેથી તેને હોડીની કાંઇ સ્પૃહા નહોતી. પોતાના પતિનું માથું ખો-ળામાં મૂકીને હાથમાં બે બળતા કાકડા લઇ ચોટલાની લટો સળગાવી તેજ સ્થિતીમાં એક મોટા પત્થરપર બેસી તરવા લાગ્યા. આ સમયે પોતાના છોકરાને એવો આશિર્વાદ દીધો કે, " આપણું કુટુંબ સાત પેહડી સુધી

સુખી રહેશે. પ્હેડીધર ત્યાં સૂધી એક છોકરો અને એક છોકરી થશે.”તપંત્થર તરતો તરતો ટીંબીગામમાં આવી પહોંચ્યો. સતી તથા તેમના પતિ બળી ભસ્મ થયાં, પણ સતીના અંબરના પાલવો સાબુત રહ્યા હતાં. ત્યાં સતી દેવીના પગલાની દેશાઇ કુટુંબ તર્ફથી સ્થાપના કરી છે અને તેની અતિ પ્રેમથી તેઓ પૂજા કરેછે. લેખકે વાર્તાને રસમય બનાવવા કેટલેક સ્થળે ખરાબનાવો ફેરવ્યા છે તેજ પ્રમાણે અહીં પણ છે. આ વાત પ્રસંગથી તે-મણે ચ્યુનીસતી ને પૂર્વજ સતીની સરખામણી કરી છે. પેલી સતી સ્થૂળશરીરે લૌકિક અગ્નિએ બળીભસ્મ થઇહતી, ત્યારે ચુનીએ વાસનાશરીરને વૈરાગ્ય અગ્નિ-માં હોમ્યું હતું, તે વાંચકને અજ્ઞાત નથી. ઘણા વાંચ-કોને ગ્રન્થકારપર આક્ષેપ કરતા અમે સાંભળ્યા છે. તેઓ કહેછે કે જેણે અગ્નિમાંજ પોતાનુ શરીર હોમ્યુ હોય તેજ સતી, પણ તેમનું કહેવું હાસ્ય પાત્ર છે. એમ હોય તો પતિપ્રાણા દ્રોપદિ, સિતા, તારા, અહલ્યા અને મંદા-દરી એમની સતીઓમાં કેમ ગણના કરી છે? આ વાર્તા-નાં સર્વ બનાવ કંઈ ખરા નથી પણ નાયિકાના સદ્ગુ-ણોનું વાંચકને યથાર્થ ચિત્ર આપવા નહીં બનેલો એવી

બાબતો ઉમેરી છે. પણ તે સર્વ સપ્રમાણ (Reasonable) છે. કેટલાક એવો આક્ષેપ કરે છે કે સતી થયેલા દેશાઈ પોતાના પૌત્રની સ્ત્રી શીરીતે બને ? એ અતિ દોષિત છે, ને સતીને બીજો પતિ કરવાનું કલંક લગાડે છે. ઉત્તર સહેલો છે અને ચાર શબ્દમાં તેનું નિરાકરણ થાય છે. હિંદુશાસ્ત્ર પ્રમાણે " દરેક મનુષ્યની સંપાદન કરેલી વિદ્યા તથા સ્ત્રી જન્મોજન્મ તેની સાથેજ રહે છે" તેવી રીતે આ બાબતમાં બનીશકે. સતી તથા તેમની ખોળમાં બળીમરેલાં પતિ તેજ ફરી કેમ જન્મ્યા ન હોય ? સતીનો અવતાર ચુની અને સતીના પતિનો અવતાર દેશાઈ શ્રીકલ્યાણરાયજી કેમ ન હોય ? શું એ બનવું અસંભવિત છે ? આ પ્રકરણમાં હિંદુધર્મના મલાજાની અને બાલવિવાહ પણ તે માહેંની રીત પ્રમાણે કરવામાં આવે છે તો યુરોપીયનો અથવા તેમના વિચાર પ્રવાહમાં તણાતાં હિંદુઓના પ્રેમ લગ્ન કરતાં પણ વધુ સુખદાયક નીવડે છે, એ સર્વ આ વાર્તાનો અને આ પ્રકરણનો ભાવાર્થ છે. માહેં સંવાદ મૂકી જ્યોતિષનું ફળ પણ રોચક રીતે સમજાવ્યુ છે. હિંદુઓના રીતરિવાજ સારીરીતે સમજવાનું ડાળ ઘાલનાર યુરોપીઅનો કેવી હસવા જે-

મક ભૂલકરેછે તે પણ કલેક્ટર બાળ દેશાઇની આશિ-
ર્વાદમાં, પીઠ ઠોકેછે તે ઉપરથી અચ્છી રીતે સમજાવ્યુ છે.

પ્રકરણ—૨.

આમાં મદામ તથા દેશાણનો સમાગમ કરી માહે પોતાના ધણીનુ નામ સાંભળી હિંદુવિચારોમાં ઉછરેલી બાળાઓને થતી લજ્જા અને પરદેશી અજાણ્યા માણસ સાથે વાત કરતા તેમને ઉત્પન્ન થતી શરમ વર્ણવી છે. પછી ચુનીના વિચારોમાં એક નવી વિવાહીત હિંદુ છોકરીના પોતાના સાસરા સંબધીના વિચારો તથા અંતમાં કેળવાયલા હૃદયવાળી સાસુવહુની લાગણીઓ ચિતરી છે.

પ્રકરણ—૩.

નિશાળની કેળવણી વગર પણ માત્ર માબાપનીજ કેળવણીથી ચુની જેવા સ્રી રત્ન ઉપજાવી શકાય છે તે સર્વ આમાં જણાવ્યું છે.

પ્રકરણ—૪.

'જે જાય દરબાર તેના જાય ઘરબાર' એ સર્વ દેશાઇની દુઃખી સ્થિતીનું, સરકારી ખટપટોનું, તથા ખ-

હેલા રાજ્યમાં ચાલતા અંધેરના આબેહૂબ ચિતારથી સમજાવ્યું છે.

પ્રકરણ—૫.

સવારના મળસ્કામાં ચાર વાગતે ચુનીનો ઉઠવાનો વખત તથા તેની આખા દિવસનું કામકાજ કરવાની ચાં-લાકી તથા ખંત બતાવી યુરોપીઅનોના રીવાજનું અનુ-સરણ કરવા ઇચ્છતા લોકોની માફક આ કુટુંબનો વખત એશઆરામમાં જતો નહીં એવું જણાવ્યું છે. પછી વહુ તરીકે સ્ત્રી કેવા ગુણોથી સંસારમાં ફતેહ પામે તે, ચુ-નીના ગુણોથી વર્ણવી બતાવ્યું છે. એક હિંદુ ધર્માત્મા સ્ત્રી મરણનો કંઇ પણ ભય રાખતી નથી તે ગયા પ્રકરણમાં દેશાણના દવા નહીં ખાવાના આગ્રહથી જણાવ્યું છે. વળી આ પ્રકરણમાં હિંદુવિચારોની સ્ત્રી પતિ પહેલા સૌભાગ્યવંતા મરી જવામાં અને છોકરા ને વહુને મૂકી તેમના એક છોકરાનું મ્હોં જોઇ જવામાંજ સર્વ સુખ સમજે છે; તેમને આ સિવાય મોત સમયે પાછળ કંઇ પણ વૈભવ નહોય તો તેથી કંઇપણ દુઃખ થતું નથી, એવો વૈરાગ્ય દેશાઇગિરીની આદિ બાબતની ચાલતી સંક-

રારથી થયેલી સ્થિતીમાં પણ રાખેલી મીરજાપરથી સમજાય છે.

પ્રકરણ—૬.

જુના વિચારના હિંદુવૃદ્ધોની, પોતાની સ્ત્રી મરી ગયા પછી પોતાની પુત્રવધુ તર્ફ કેવી લાગણી હોયછે તથા પોતાનું બાકી રહેલું જીવન કેવી રીતે ગાળે છે તે સમજાવ્યું છે પછી તેર દિવસની મરણ ક્રિયાથી લૌકિક પણ લાભ થાય છે તે જણાવ્યું છે. નિશાળમાં નહીં કેળવાયેલી સ્ત્રી પણ માબાપના ઘરગતુંજ્ઞાનથી મોટા વતન વજીફાનું કામ ચાલાકીથી ચલાવી શકે છે, અને યુરોપીઅનોની માફક નોંધપોથી વિના આવા કાયદા અને હકની ગાદીની તકરાર સબંધીની કઠણ વાતો પણ બરાબર સમજી ચુની સર્વ યાદ રાખી શકતી તેનું એક દૃષ્ટાંત આપ્યું છે. ત્યાર બાદ 'મધ હોય ત્યાં મધમાખી ગણુંગણે' એ કહેવત દેશાઇજીની સિફારશ પહોંચવાથી પાછળથી નમી પડતાં અમલદાર વર્ગથી સુચવ્યું છે. છેવટે કંઇપણ કાર્યમાં ફત્તેહ થતાં, એક હિંદુ કુટુંબમાં થતો આનંદ જે આજ કાલના સુધરેલા કહેવાતાઓની

માફક, ' ખાખા ખીખી 'ની ગમતોથી જાહેર થતો નથી પણ ધર્મ સબંધી ક્રિયાઓ કરી તે દ્વારા સન્માર્ગે પાંચ પૈસા ખર્ચી પ્રદર્શીતથાયછે એમ જણાવ્યું છે.

પ્રકરણ—૭.

આ પ્રકરણ યુવાનો તથા યુવતીઓને સરખી રીતે બોધદાયક છે. લગ્ન એટલે જોડાવું, એકમેકને સુખ દુઃખમાં, ઘરસંસાસાર ચલાવવામાં, તથા સન્માર્ગે દોરાવામાં વિભાગી થવું. પરણવાનું આનેજઅર્થે છે, નહીં કે વિષયભોગનેઅર્થે પ્રજાની ઉત્પત્તિ કરવાની છે તે વંશવૃદ્ધિકરવાને, નહીં કે ક્ષણીક આનંદ સુખનેઅર્થે. પુત્રપ્રાપ્તિ કરવાનુ કારણ પણ હીંદુ શાસ્ત્રમાંથી જણાવ્યું છે. પોતાના પતિના સુખને અર્થે, પોતાના સુખનો કરેલાત્યાગ એટલુંજ નહીં પણ પોતાને ભવિષ્યમાં દુઃખરૂપ થઇપડે એવું બીજુ લગ્ન પોતાના પતિને કરાવાનું ચુની સતીનુ કૃત્ય બહુ વખાણવા લાયક છે. આખી વાર્તામાં ત્રીજુ સાતમું અને આઠમું પ્રકરણ ઘણુંજ બોધદાયક છે.

પ્રકરણ—૮.

આમાં વાકયે વાકયે સદ્બોધ અને વૈરાગ્યની સંકળના કરી છે તેથી તેના અન્વય (Analysis) આપવા બની શકેજ નહીં. સર્વ પ્રકરણ ફરીફરી વાંચતા મનતૃપ્ત થતું નથી.

અહીં બાહ્ય અથવા તો ઉપદેશ યોગ્ય સાર પુરો થયો પણ હવે એનું કાંઇ અધ્યાત્મિક રહસ્ય ખોળવામાં મન પ્રવૃત્ત થાય છે શ્રી મુક્તિમાલાકાર રા. રા. વકીલ શ્રી પ્રાણલાલ શંભુલાલજીના શબ્દના ભાવાર્થમાં કહીએ તો દરેક વાર્તા 'જીવરાજના આખ્યાન' રૂપ છે અથવા પરમાત્મા શ્રીમન્ નૃસિંહાચાર્યના વિચારમાંથી ધ્વની કહાડીએ તો તે સર્વ, 'ચિત્રારણ્ય' ના વ્યવહાર મુજબ છે, ટુંકામાં સર્વ વાર્તાઓ અને નવલો જે મનુષ્યના વર્તનની સત્ય અથવા તો કલ્પિત કથાછે તે અભેદ માર્ગ પ્રવાસી મણિભાઇના શબ્દમાં પાંડવકૌરવનું અર્થાત્ ષટ્સંપત્તિ (શમ, દમ, વીગેરે) અને ષડ્રીપુ (કામ, ક્રોધ, મદ, ઇત્યાદિ.) ના અથવાતો તેમના સબંધીનું યુદ્ધ છે. આમ વિચારતાં વાર્તા નીચલું રૂપ પકડે છે. દરેક વાર્તા-

માંથી આવુ તાત્પર્યખોળતાં વાંચક પોતાની હૃદયભુમી-પર પણ ષડ્રીપુ અને ષટ્સંપતિનું થતું યુદ્ધ જોશે અને ઉચ્ચ ભાવનાઓને યોગ્યરીતે પોષીશકશે.

વૃદ્ધ દેશાઇ તેમને જીવરાજ જાણો એમણે સરકાર-રૂપી ઈશ્વરની સારી સેવા કરેલી તેથી એમને ગાદી ને વતનરૂપી આત્મધન પ્રાપ્ત થાયછે પણ એમના વિચાર-રૂપી દેશના અધિકારી બદલાય છે અને તેમના તરફથી તેમની ગાદિરૂપી આત્મધન હરવા પ્રવૃત્તિ થાયછે, જીવ-રાજ પોતાના પુત્ર (દેશાઇશ્રી કલ્યાણરાય) મનરંજનનું, નિવૃત્તિ (ચુની) સાથે લગ્ન કરેછે અને નિવૃત્તિથી ગાદિ-રૂપી આત્મધન પાછું મળશે એવું ધારે છે અને જીવરાજ (વૃદ્ધદેશાઈ) નો કાળ થાયછે પણ મન તો અમર છે. દુષ્ટ મિત્રરૂપી દુર્વાસનાએ બગાડેલું હૃદય નિવૃત્તિએ કરી શુદ્ધ થવા લાગે છે. નિવૃત્તિના પ્રયાસથી આત્મધન ફરી પ્રાપ્ત થાયછે, પણ નિવૃતિથી થયેલા સર્વે સદ્પુત્રો મરણપામેછે તેથી તેમના આત્મધનના વારસ-રૂપ વિવેકપુત્ર ઉત્પન્નકરવા વિચારથાયછે, પતિને બીજી સ્ત્રી કરવા વિનવે છે; પણ પતિ નિવૃત્તિને ત્યજતા

સારૂ ના કહેછે, બહુ સમજાવી કહેછે કે વિવેકરૂપી વારેસ પુત્ર વિના આપણા સદ્‌વિચારોરૂપી પૂર્વજો પૂત્ નર્કમાં પડેછે. અર્થાત્ વિવેક વગર સર્વ વૈરાગ્ય નકામો છે. પણ નિવૃત્તિ કન્યા પસંદકરવામાં ભુલેછે ને કોઇ યુવાવસ્થાનેલીધે પ્રવૃત્તિના સંસ્કારથીઆવૃત હૃદયા સાથે લગ્ન કરાવેછે. મનરાજ ભોળવાઇ ભાન ભુલી પ્રવૃત્તિના નાદમાં નિવૃત્તિને ત્યજે છે ને પ્રવૃત્તિને ભજે છે. આથી નિવૃત્તિનો મન રાજ્યમાંથી લય થાય છે. (ચુંની ગુજરી જાયછે); પણ ઇશ્વર કૃપાથી થોડા સમય પછી નિવૃત્તિના (ચુનીના) અંશરૂપ અર્થાત્ રૂપાન્તરે નિવૃત્તિને પરણે છે ને તેનાથી વિવેકરૂપી પુત્ર તથા શાંતિરૂપી પુત્રી* જન્મે છે અને વિવેકપુત્રનો જન્મ થતાં થોડા કાળમાં મનરાજ (દેશાઇશ્રી કલ્યાણરાય) નો લય થાયછે.

આજ વાર્તાનું રહસ્ય, એજ ગુહ્યાર્થ અને સર્વ વાર્તાનું તાત્પર્ય તેને જ વાંચો ને વિચારો; આથી વાર્તા અદ્‌ભૂત રસમય લાગશે અને યથાર્થ માર્ગ પ્રતીત થશે.

---

* અં૦ સૌ૦ લીલાવંતી જેમના લગ્ન દીવાન બહાદુર અંબાલાલજીના બીજા પુત્ર સાથે થયેલા છે.

અમારૂં હૃદય પ્રફુલ્લિત થઈ કોઈ આંતર્ આનંદમાં સ્થિત થાયછે. નિવૃત્તિના તાનમાં, કર્તાના આંતરગાનમાં ને આનંદમય શ્રી સદ્ગુરુના ધ્યાનમાં ક્ષણભર વિરામે-છે ! આંતરાનંદના કંઈ અનુભવમાં વિચાર બ્હારે નીકળી શકતો નથી. હૃદયમાં શ્રી સદ્ગુરૂની મૂર્તિ, અને બ્હાર શ્રી કર્તા ને શ્રીમતી સતીની મૂર્તિ ખડી થઇ રહી છે આવી તન્મયતા ધૈર્યાવલંબિત વાંચક તને પણ મળો એવી આશિષ છે ! આખર સર્વ મૂર્તિઓનો પ્રભુની મંગળમય મૂર્તિમાં લય થાવ ને તેનીજ સ્થિરતા રહો ! વધુ શું કહીએ ? અમારો કંઠ અદૃશ્ય આંતરાનંદથી સીડાઇ જાયછે ! માટે—

શ્રી ગ્રન્થકારની તથા શ્રી સતીની માનસિક આર્તિ કરતાં પરમાત્મા સ્વરૂપ શ્રીમન્ નૃસિંહાચાર્યજીના કંઠકે ફેરવેલા શબ્દમાં વિરામીએ છીએ !

દોહરા.

" સાધક ! ઇચ્છો ટાળવા, દારુણ હૃદય ધ્વાન્ત
" ધરો ઉરે આ જ્ઞાનરવિ, 'મુનિ જીવન' વૃતાન્ત
" શ્રોતા વક્તા ને વળી, પાઠક જે મતિમાન
" હૃદય ધરે તાત્પર્યને, પામે તે સન્માન
" અધિક કૃપાથી અધિક શું, જાણે સર્વ પ્રબુદ્ધ
" જિજ્ઞાસુજન સુખ લીઓ, ધારી નિશ્ચય શુદ્ધ "

॥ इति श्री सत्यार्पणमस्तु ॥

૭ સંપૂર્ણ.

શ્રી ભૃગુપુર " જ્ઞાનોદય " મુદ્રાલયમાં મુદ્રાંકિત.

કેટલીક ટીપ્પણ.

૧

શ્રીમતી સતી ચુનીના પિતાશ્રી તેમની બાળવયમાં જ મરણ પામ્યા હતાં તેથી તેમના કાકાશ્રી જીવનરામજીને ત્યાં તે ઉછરી મોટાં થયાં હતાં. શ્રીયુત જીવનરામજી સુરતમાં વકીલ હતા. તેમના શુદ્ધ ચારિત્રનાં દૃષ્ટાંતથી તથા ઘણી સંભાળથી ઘરમાં આપેલી કેળવણીથી આ સ્ત્રીરત્ન ઉદ્ભવ્યું હતું. શ્રીમતી સતીચુનીના સદ્ગુણની કિર્તીનું બ્રહ્મક્ષત્રિય જ્ઞાતી તથા શહેરના બીજા રહેવાસીઓ કેવા સહૃદયથી કરેછે તેનું યોગ્ય ચિત્ર આપવા મહીકાંઠાના માજીફોજદાર શ્રીયુત લક્ષ્મિરામ મહીપતિરામે સતીના નિર્યાત પ્રસંગે કવિત્વ શક્તિથી નહી પણ સહૃદયતાથી જોડેલી કવિતા નીચે ઉતારીએ છીએ.

દિલગીરી દર્શક.

સતી શીદસ્વર્ગે સિધારે,
"પ્યારી, પ્યારી?" પિયુજી પુકારે—(ટેક)
કૂળ-ભુષણનારી ન્યાત-ભુષણ તું, નગર-ભુષણ તું અમારે;

દિનકર*વંશે દિનકર સમદારા, દિનને દયાતજી મારે !
નિર્દય આવો થઇ કેંનિ કયારે ? – સતી૦ ૧
પુરણ પરાક્રમ પ્રાચીનકાળે, કીધાં સુરજવંશિનારે;
પશ્ચાત રજપુતરાણી હઠાવે, તેવાં થયાં હાથ ત્હારે !
ચારૂ[1] "ચુની" નામતું ધારે. સતી૦ ૨
શીળી ફુળરૂપરંગ સોહામણુ, રાજી સદા કામ સારે.
ધીરગંભીર મહાવીર જેવી, વ્હાલો તું વીન કોણ વારે,
ગાદી[2] તુજવિન કોણ તારે ? સતી૦ ૩
સ્વામી શોકાતુર સેવક સુદ્ધાં, હેતેથકી હાય મારે :
સગાં સહોદર શોક કરે સહુ, ન્યાત નગર નરનારે,
ખરે આંસુ જોની ચોધારે ? સતી૦ ૪
તુજ ગામના[3] લોક શોકકરી કહે, જમાબન્ધી થશે જ્યારે;
જતન જનેતાસમાં કોણ કરશે, જનકજી[4] જોમમાંમારે,
અમ્બારૂપ આવી ઉગારે ? સતી૦ ૫

---

* સૂર્ય. ૧ સુન્દરી. ૨ જુઓ પ્રકરણ–૯. ૩ દેશાઇજીના વતન તરીકે એમને કલમગામ (ભરૂચ જીલ્લાનું) સ્ટેથી મળેલું તથા હાલ એમના તર્ફથી એક બીજુ ગામ વેરવાડા લીધુ છે ૪. બાપ, દેશાઇજી ક્રિદ્ધતાઇથી ગામના લોકોપર કર વધારી દેતા ત્યારે તે ઓછો કરવા 'અમ્બારૂપ આવી ઉગારે.'

ઘોડારમાં સહુ ઘોડા રૂવેને, ગૈશાળે ગ્રામ સંભારે;
સદાવ્રત કેરા વિપ્રો વિલાપે, વાડીએ ઘાટે બજારે,
રૂદન રંગમ્હેલે અપારે. સતી૦ ૬
વાર રડે તેહેવાર રડેને,[૫] પાલખી[૬] પીડા પુકારે;
અશવારી કેરા[૬] ઉમંગ હવેશા, વેઠીઆ વારિ૦ ઉચ્ચારે;
ઢળ્યા સતીનાં નેન જ્યારે[૭] સતી૦
માનવ દેહતણા મનવાંછિત, ચાખ્યા નમેવર સંસારે;[૮]
પણ સતી વૈકુંઠે થાજે સુખીતું, એજ નીમ્યું કીરતારે;
આકીન એવુ દ્રઢછે અમારે. સતી૦

---

૫ અહીંઆ કવીએ વાર તેહવાર પણ દીલગીરીમાં જાયછે એમ બતાવવા નિર્જિવમાં સજીવારોપણ કર્યો છે. ૬ દર દશેરાના દિવસે દેશાઇજીવંશજના વારસાની સ્વારી પૂર્વથીજ નીકળેછે ને તે દિવસે પાલખીના રૂા. ૧૨૦૦ સરકાર તર્ફથી મળેછે. ૭ સતી જ્યારે ગત થયાં ત્યારે ૮. આ માટે જુઓ પ્રકરણ . ૭-૮ માં કર્તાએ ચિત્રેલું ચિત્ર આમાં સતીએ આ લોકના સુખનો ત્યાગ પારલોકના ભલાને અર્થે કરેલો તે દર્શાવ્યો છે.

૨

દેશાઇજીનું બધું કુટુંબ કોઈ સબંધીના લગ્ન પ્રસંગે અમદાવાદ ગયું હતું ત્યાં તેજ પ્રસંગે સતી પરલોકમાં સીધાવ્યા હતાં. એમના નિર્યાતથી મનુષ્યો રડયા હતા, ઘરના "પશુ, પક્ષી રડયા હતાં ને શોક ગ્રસ્ત થયા હતાં એટલુંજ નહીં પણ દંતકથા એવી પ્રચલિત છે કે તે શોકાઘાત દેશાઇજીના ભરૂચના બાગપર પણું થયો હતો. નિર્યાત થતાં તે એકદમ સૂકાઈ ગયો ને જળ સિંચન થયાં છતાં પણ ત્રણ દિવસ પર્યંત સૂકોજ રહ્યો. શોકના ઉઠમણારૂપ ચોટી થતાં બાગ પહેલા જેવો કંઈક ખીલવા લાગ્યો. આ વાત સામાન્ય રીતે સર્વ સુધારકોને ડીંગ લાગશે પરંતુ 'અધ્યાત્મબળ' અથવાતો 'આકર્ષણ શક્તિને' માનનારને મન એ વાત અસંભવિત નથી.

૩

કવીરત્ન નર્મદાશંકર તથા વાર્તાની નાયિકાના પતિશ્રી કલ્યાણરાયજીને ગાઢ મિત્રતા હતી. કવીરત્ને સતીના જ્ઞાન તથા બુદ્ધિનું અદ્ભૂત ચિત્ર પોતાના 'ઋતુવર્ણન' કાવ્યમાં તેને નાયિકા બનાવી આલેખ્યું છે.

તે કાવ્યની નીચેની ટીપ્પણમાં લખેછે કે, " ગ્રન્થ આરંભી ગ્રન્થ લખવાનો અભિપ્રાય સાથે મંગળાચરણનો એક શ્લોક તા. ૬ જુન ૧૮૬૧ ની સાંજે ફરવા ગયા હતાં ત્યાં મારા એક મિત્રને કહી બતાવ્યા હતા. તેણે કહ્યું કે ગ્રન્થ ઘણો સારો થશે, જેમ બને તેમ તાકીદથી પુરો થવો જોઇએ. * * * આ ગ્રન્થમાં આવી કલ્પના કરી છે કે મારી ન્યાત જેવી કોઈ ઉત્તમ સુધક ન્યાતની દેશાઈની સત્તર અઢાર વર્ષની નવી સાસરે રહેલી સ્ત્રી * * * પતિને કોઇ અગત્યના કામ સારૂ પ્રદેશ જવું પડેલું તે વખતમાં પોતાના પતિ પેલી પરણેલી (શ્રીમંતને ઘેર તેથી) પોતાના વાડીબંગલામાં પોતાની સાસુ અને એક પચ્ચીસ વર્ષની દાસી સાથે રહી હતી— અલબત્ત ઘરમાં બીજાં ચાકર મુસદીઓ તો ખરાજ." તેને " કુલીન, ભણેલી, ડાહી ને રસીકતરૂણી " કહી " સ્વકીયા પોષિત ભર્તૃકા સુમધ્યા " ના રૂપમાં આપેલી.

૪

" એક પુત્ર અને એક પુત્રી થવાનું " વૃદ્ધ સતીએ આપેલું વચન તે પછી થયેલી બે પ્હેડી સધી ખરૂ પ-

હુ ઘ ... લેખ અનુકૂળ ... લે બે ...માં એવાં બની છે કે દેશાઇજી કલ્યાણરાયજી તથા તેમના પિતાશ્રી હુકુમતરાયજી બરાબર ૫૬ વર્ષ ૧ માસ અને ૮ દિવસ નીક તેરખી વગેરે મરણ પામ્યા છે.

૫

પૃષ્ટ. ૨૭. લી. ૨ માં જીવનકથાકાર મૂળ લેખમાં કહેછે કે "But in the nigher castes girls not seldom were taught at least two of three R's." But we would say of Chuni that she could decipher all the three R's. દૃષ્ટાંત. ભરૂચની પાસે ટીંબી ગામમાં એક મહાત્મા રહેતાં હતાં તેમની પાસે ચુનીગૌરી દર સોમવારે દર્શનની તથા સદ્બોધના વચનો સાંભળવાની ઇચ્છાથી જતાં. ચોમાસાંમાં ત્યાં ગાડી નહીં જઇ શકતી હોવાથી ઘોડાપર જતાં.